એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૫ ● અંક-૫

જુન – જુલાઈ '૧૦

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**મુદ્રણ આયોજન**
મનુભાઈ કોટડીયા ૯૪૨૬૬ ૯૪૨૭૭

**વેબ સાઈટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૮૯૮૬ ૩૦૧૨૯

**કાર્યાલય વ્યવસ્થા**
રાજેન્દ્ર સોની ૯૮૨૫૦ ૧૮૩૧૮

**જાહેરાત, લવાજમ, નાણાંકીય વ્યવસ્થા**

● **અમદાવાદ**
જયમીન સોની ૯૮૨૪૫ ૪૬૬૫૦

● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
(રૂલપ્રેસવાળા)

● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(ઉદય સ્ટેશનરી માર્ટ)

**માનદ્ સલાહકાર**
મનુભાઈ કોટડીયા અમદાવાદ
તુલસીદાસ કંસારા અમદાવાદ
સૂર્યકાંત સોની અમદાવાદ
શૈલેષ કંસારા ભુજ
કાંતિભાઈ કંસારા રાજકોટ

**માનદ્ સંયોજક (ભુજ)**
પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

**કાર્યાલય**
ધવલ જ્વેલર્સ
ચાલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧
ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮

**વેબ સાઈટ** : www.gnyatisetu.com
**ઈ-મેલ** : editor@gnyatisetu.com

છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

**ટાઈપ-સેટીંગ** : મુદ્રા કોમ્પ્યુટર્સ, રાયપુર, અમદાવાદ.



'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.


## તંત્રી સ્થાનેથી

વ્હાલા વાંચકોને - અષાઢી બીજના ઘણા ઘણા વધામણા. આશા કરીએ કે, અષાઢી બીજ સુધીમાં આપણી ધરતી પર સાચું 'સોનું' વરસે, લોક ખુશખુશાલ થાય અને ઘરેણા માટે સોનું 'સૌ'નું બને, આપણા સોના ચાંદીના કારીગરોને અવનવા અલંકારો બનાવવાની તક મળે. અને જે કારીગરો સોના ચાંદીના હાલના સટ્ટાખોરીના આંચકાથી આહત છે તેમને પણ પૂરતી રોજગારી મળે.

સોના ચાંદીના હાલે ઉંચકાતા/પટકાતા ભાવ-વૈશ્વિક ઘટના છે. કેટલાક અમીર દેશોની વિશ્વના સમૂચા અર્થતંત્ર પર પોતાનું વર્ચસ્વ જમાવવાની જે આજની રાજનીતિ છે, તેને ચાણક્ય નીતિ તો ન જ કહી શકાય. કારણકે, ચાણક્યનું અર્થશાસ્ત્ર અનર્થ-પ્રતિરોધક હતું, પ્રેરક નહીં. ખૈર, આપણે તો વર્તમાન અર્થકારણમાંથી એક જ બોધપાઠ લેવાનો છે, તે એ છે કે, ગળાકાપ હરીફાઈના આ વૈશ્વિક માહોલમાં, આપણી અર્થોપાર્જન શક્તિની, આપણા સાંસ્કૃતિક મૂલ્યોની જાળવણી સાથે સમૂચિત વૃધ્ધિ કરવી અને એમ કરવા માટે આપણી પાસે બે જ રસ્તા છે : એક, આપણે આપણા વ્યવસાયનો મોહ છોડી, શિક્ષણ પ્રાપ્ત કરી, આધુનિક યુગમાં જેની વધુ માંગ હોય તેને અપનાવીએ. આપણા જે કોઈ યુવાનો/યુવતીઓએ આ માર્ગ અપનાવ્યો છે, તેમને અપ્રત્યાશીત સફળતા મળી છે. એના અનેક દાખલા આપણી સમક્ષ છે.

બીજો, અને કદાચ વધુ મહત્ત્વનો ઉપાય છે, આપણા કસબનું પૂર્ણ આધુનિકરણ કરવાના અવનવા ઉપાયો વિચારીએ.

ઉપભોક્તાવાદી સમાજ Massને મળતી વસ્તુઓથી જલદી ત્રાસી જાય છે. એને Classની જરૂર પડે જ છે. અને એ Class આપણે design કરી શકીએ. આપણા કલા કસબમાં અવનવી ડિઝાઈનો કસબી કારીગરો બનાવે તેવું આપણા વ્યવસાયીક વ્યાપારીઓ પ્રોત્સાહન અને ઉત્તેજન આપે તો આ વસ્તુ સંભવ છે. વિકલ્પે આપણા બાળકોને સાધારણ ગ્રેજ્યુએશનને બદલે નાની મોટી ડિઝાઈન સંસ્થા વિષે અવગત કરાવીએ, એમનો એમાં રસ કેળવીએ.

અંતમાં આપણા સહુ જ્ઞાતિ પરિવારોને જ્ઞાતિ સેતુના હાર્દિક અષાઢી બીજ અભિનંદન અને શુભેચ્છાઓ.

| **અતુલ સોની** | **મનુભાઈ કોટડીયા** | **હંસરાજ કંસારા** |
|---|---|---|
| માનદ્ મંત્રી | પ્રમુખ | મુખ્ય તંત્રી |

સુભાષિત ચિંતન

# કર્મ શક્તિનો પ્રભાવ

**કુ. એકતા કટ્ટા - અંજાર**

"नाभिषेको न संस्कारःसिंहस्य क्रियते वने ।
विक्रमार्जिततत्त्वस्य स्वयमेव मृगेन्द्रता ।।

અર્થાત વનમાં સિંહનો અભિષેક કે સંસ્કાર કરવામાં આવતો નથી. પરાક્રમથી જેણે બળ મેળવ્યું છે તેનું સિંહપણું આપમેળે જ સાબિત થાય છે.

સુભાષિતકાર અતિ ઉત્તમ ઉદાહરણ દ્વારા કર્મશક્તિનાં પ્રભાવની પ્રશંસા કરી છે. જંગલી અવસ્થામાંથી સુસાંસ્કૃત અને સભ્ય માનવ સમુદાયને કર્મશીલતાનો ગુણ સમજાવવા જંગલનાં રાજા સિંહનું ઉદાહરણ આપી સુભાષિતકારે પોતાની દીર્ઘદૃષ્ટિનું પ્રદર્શન કર્યું છે. માનવની ભાષામાં સિંહ વનનો રાજા છે. આપણી દૃષ્ટિમાં 'રાજા'એ કોઈ પણ સત્તાનો સર્વોચ્ચ પદ ગણાય છે. તે દૃષ્ટિએ વનનાં સર્વોચ્ચ પદે સિંહનું સ્થાન લેખાય છે. કોઈપણ સત્તાપદ પર કોઈપણની નિયુક્તિ સમયે જે તે પદ મુજબની વિધિ કે ક્રિયાઓ અથવા પરંપરાઓને અનુસરવામાં આવતું હોય છે. પ્રાચીન કાળમાં રાજતિલકની વિધિ કે પરંપરા બાદ જે તે રાજ્યનો રાજા નિયુક્ત કરવામાં આવતો. ત્યારે આજનાં સમયમાં કોઈપણ સર્વોચ્ચ સત્તાપદની નિયુક્તિ શપથગ્રહણ વિધિ દ્વારા કરવામાં આવે છે. સુભાષિતકાર વન કે જંગલની સત્તાની શ્રેષ્ઠતા દ્વારા સૃષ્ટીની સર્વશ્રેષ્ઠ કૃતિ ગણાતા માનવ સમુદાયને અતિ ઉમદા સંદેશ પાઠવ્યો છે કે, પદ કે સત્તા કર્મ - કાર્યો સામે અતિ ગૌણ હોય છે. સિંહ પોતાનાં પ્રભાવ વડે સમગ્ર વનસૃષ્ટિ પર રાજત્વ મેળવે છે. તેને કોઈપણ વિધિ કે પરંપરા દ્વારા બહુમાન - સન્માન કે સત્તાપદ અપાતું નથી. માત્ર અને માત્ર તેનાં બળનાં પ્રભાવ હેઠળ અન્ય જીવસૃષ્ટિ તેની સામે થતી નથી અને તે સર્વોચ્ચ સાબિત થાય છે. તેનું બળ જ તેનું પદ, સન્માન કે બહુમાન છે. જેનાં વડે પોતાનાં સિંહપણાને સાબિત કરી તે વનમાં સર્વશ્રેષ્ઠ - સર્વોચ્ચ ઠરે છે.

આધુનિક કાળમાં જ્યારે સત્તાની સાઠમારી અને રાજનીતિ રમાય છે ત્યારે ઉપરોક્ત સુભાષિત કર્મનિષ્ઠા અને કર્તૃત્ત્વ શ્રેષ્ઠતા તરફ અંગુલીનિર્દેશ કરે છે. આજે કોઈ પણ નાની સંસ્થાથી લઈ રાષ્ટ્રનાં શાસન સુધીનાં તમામ કાર્યો જે તે પદ કે સત્તા પર જ અવલંબે છે. યોગ્ય વ્યક્તિનું વહીવટ નહીં પરંતુ, પદારૂઢ કે સત્તારૂઢ વ્યક્તિનું વહીવટ યોગ્ય ગણવામાં આવે છે. તદુપરાંત જે તે સમુદાય પર વ્યક્તિ દ્વારા થતાં કાર્યોનો પ્રભાવ નથી રહેતો પરંતુ સત્તા કે પદનો પ્રભાવ રહેતો હોય છે. જે દર્શાવે છે કે કાં તો વ્યક્તિ દ્વારા થતાં કાર્યો એટલાં પ્રભાવક નથી હોતા કે જે સમુદાય સમક્ષ શ્રેષ્ઠ સિદ્ધ થાય અને કાં તો જે તે સમુદાયની શ્રેષ્ઠતાની પરિભાષા સત્તા કે પદ સુધી જ સીમિત થઈ ગઈ છે. વાસ્તવમાં વ્યક્તિએ પોતાના કાર્યો દ્વારા પોતાની શ્રેષ્ઠતા સિદ્ધ કરવી જોઈએ. પદ કે સત્તા કાર્યો સમક્ષ ગૌણ સાબિત થવા જોઈએ. વ્યક્તિએ પોતાનાં શ્રેષ્ઠ કાર્યો દ્વારા જે તે સમુદાય પર પ્રભાવશાળી નેતૃત્વ મેળવવું જોઈએ, સત્તા કે પદ દ્વારા નહીં. હા, સત્તા કે પદ વિધિવત્ અધિકાર અવશ્ય આપતા હોય છે પરંતુ વૈયક્તિક કાર્યોનો પ્રભાવ જ વાસ્તવિક સર્વોચ્ચ અધિકાર અપાવે છે. તેથી જ વ્યક્તિએ પોતાનાં કાર્યો તથા તેની શ્રેષ્ઠતાને મહત્ત્વ આપવું જોઈએ, સત્તા કે પદને નહીં. કેમ કે સત્તા કે પદ તો તે જ રહેતા હોય છે પરંતુ સમયાંતરે તેનાં પર આરૂઢ થનાર વ્યક્તિનાં કાર્યોનો પ્રભાવ ચીરકાળ સુધી રહેતો હોય છે.

જગતની સર્વશ્રેષ્ઠ કૃતિ એવા માનવે સત્તાની લાલસા અને દોડ છોડી જંગલની સિંહવૃત્તિરૂપી કાર્યશ્રેષ્ઠતાનાં ગુણને અનુસરવાનો સમય પાકી ગયો છે.

---

## સત્સંગ

# નિષ્કામ કર્મ

*- ગોર કનકચંદ્ર છગનલાલ વ્યાસ*

ભગવાન શ્રીકૃષ્ણએ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં અર્જુનને ઉદ્દેશીને કહ્યું છે, 'હે અર્જુન, તું સદાય પોતાનું કર્તવ્ય કોઈપણ પ્રકારના લાભની આશા વગર કર.' વેદ-શાસ્ત્રો પણ કહે છે કે, નિઃસ્વાર્થ ભાવે સારા કર્મો કરવા અતિ ઉત્તમ અને શ્રેષ્ઠ છે.

પૂર્વે એક રાજા હતો. તેણે એક મુખ્ય રાજમાર્ગ ઉપર એક વિશાળ પથ્થર મુકાવ્યો. જે દરેક રાહદારીને ચાલવામાં નડતરરૂપ બને તે પ્રમાણે પથ્થર મુકાવી પોતે ત્યાં જ એક જગ્યાએ છૂપાઇ ગયો. તે જોવા ઇચ્છતો હતો કે મારા રાજ્યમાં કોઇ પરોપકારી વ્યક્તિ છે ખરો?


આ રાજમાર્ગ ઉપરથી રાજાના દરબારીઓ નીકળ્યા, રાજ્યના ધનવાન વેપારીઓ નીકળીયા, રાજાના દુતો નીકળ્યા, કેટલાક પ્રજાજનો નીકળ્યા. તે બધાય રાજા અને રાજ્યની વહીવટ વ્યવસ્થા વિશે મનફાવે તેમ બોલતા રહ્યાં. કોઇએ ય તે પથ્થરને રાજમાર્ગ પરથી હટાવવાનો બિલકુલ પ્રયત્ન ન કર્યો.

આ માર્ગ પરથી સુનંદ નામનો એક બ્રાહ્મણ પોતાની ધર્મપત્ની સાથે નીકળ્યો. જે નગરના પાદરે નદી કિનારે એક આશ્રમ બાંધી અને રહેતો હતો. તેની પાસે નગરના બાળકો અને યુવકો વિદ્યા પ્રાપ્તિ માટે જતા હતા. તે સૌને દેશભક્તિ અને લોકસેવાના પાઠ પણ ભણાવતો. તેણે આ રાજમાર્ગ પર નડતરરૂપ પથ્થરને જોયો. પોતાની પત્નીને તે વિષે જણાવતા તેણે કહ્યું, રાહદારીઓ માટે સમસ્યારૂપ આ પથ્થરને માર્ગ વચ્ચેથી હટાવવો એ આપણી પવિત્ર ફરજ છે. એમ કહી પોતા પાસેનું વજનદાર પોટલું પત્નીને આપી તેણે તે પથ્થર હટાવવા માટે મહેનત શરૂ કરી. પથ્થર વજનદાર હોઇ મહા મહેનતે તે પથ્થર તેનાથી હટયો. પરંતુ તે પથ્થર નીચે એક પોટલી હતી. તે તેની નજરે ચડી. તે ઉઠાવી ખોલીને જોયું તો તેમાં સોનામહોરો હતી અને સાથે પત્ર હતો કે, આ પથ્થર હટાવે તેના માટે આ ભેટ છે. રાજા છૂપાઇને આ બધું જોઇ રહ્યો હતો. તેને સંતોષ થયો કે, પોતાના રાજ્યમાં કોઇક તો પરોપકારી નીકળ્યું. તે સંતોષ સાથે પોતાના મહેલ તરફ રવાના થયો.

ખરેખર જીવનની સાર્થકતા, પરોપકારની ભાવના સાથે જીવવાથી થાય છે. નિષ્કામ કર્મ કરવા જતાં ક્યારેક સુનંદ બ્રાહ્મણને આપ્યો તેમ આકસ્મિક લાભ આપવા ઈશ્વર પણ તેવા પાત્રની શોધમાં રહે છે.

# સાગર સાથે સેતુ રચે છે – પચાસ વરસનો સ્વર્ણિમ સેતુ

**પ્રેષક : તુલસીદાસ એલ. કંસારા**




આજથી પચાસ વરસ પહેલા, ભુજની કંસારા સોની જ્ઞાતિના યુવકો એક યુવક મંડળ ચલાવતા હતા અને હસ્તલિખીત અંક બહાર પાડતા હતા. મારી સામે તા. ૧-૬-૧૯૬૧નો વિદ્યાર્થી સ્પેશિયલ "સાગર" નામનો ૮૬ પેઈજનો "ગાગરમાં સાગર" સમાવતો આવો જ એક હસ્તલિખિત અંક છે. જેના છેલ્લા પાને મુંબઈવાસી મથુરાદાસ પોમલ અને નાગરદાસ સોલંકી તેમનો ઉત્સાહ પ્રેરક સંદેશો આપેલ છે અને આગળના પેઈજ ઉપરનો હિસાબ દેખાડે છે. સંવત ૨૦૧૭માં આ મંડળે રૂા. ૨૫૮.૯૧ પૈસામાં આખો સમારંભ યોજેલ હતો. આ અંકના તંત્રી હતા કેશવલાલ નાનજી મઈચા અને વ્યવસ્થાપક નાનાલાલ માધવજી પોમલ. શ્રી હંસરાજભાઈએ તેમની ભુજની વિઝીટ દરમ્યાન આ ખજાનો હાથ કરેલ અને હવે તે જુની યાદોને તાજી કરી નવી પેઢીને તે સમયની એક ઝલક 'સેતુ'ના માધ્યમ દ્વારા દર્શાવવા માટે તે મારા હાથમાં સોંપેલ છે... તો ચાલો અડધી સદી પહેલાના યુવક મંડળનો તરવરાટ. તેમાંથી નિષ્પન્ન થતા વિચારો અને તેના અમલરૂપે કરેલ કાર્યો તેમના જ હસ્તાક્ષરોમાંથી ચોરાવીને, તે અક્ષરદેહને આજે પ્રિન્ટના વાઘા પહેરાવીએ. તે જર્જરીત થયેલ પાનાઓની જીંદગીને થોડા ઓર વરસો માટે આપણી યાદોમાં વસાવીએ.

પ્રથમ પાને નિવેદનમાં, તંત્રી સાહેબ આ અંકના પ્રયોજન સાથે તેમાં સમાવિષ્ટ કેળવણી ઉત્તેજન માટેના ઈનામ વિતરણ સમારંભ, પલટાતા યુગની તાસીર, કલાકારોનું બહુમાન અને યુવક મંડળની વિવિધ પ્રવૃત્તિઓની વાતો કરે છે. ત્યારબાદ તેમની જ કલમમાં માનવતાના શિર્ષક હેઠળનો ગૌતમ બુધ્ધ, મહાવીર સ્વામી, સંત એકનાથ વિ. વિભૂતિઓની સહિષ્ણુતા, ભલમનસાઈ અને માનવતાના ઉમદા ગુણોના દૃષ્ટાંત આપી માનવતાની વ્યાખ્યા કરતો સરસ લેખ છે. મંત્રીશ્રી અમૃતલાલ વાલજીએ સમારંભનો અહેવાલ આપેલ છે, જેમાં મંડળના પ્રવચન કર્તાઓના નામથી લઈને રનીંગ કોમેન્ટ્રી પણ આપેલ છે. દા.ત. દુગ્ધાહારનું મોડું થતા કેસરી દૂધની સુગંધ કંઈક ઓર જ પ્રકારની બની ગઈ હતી છતાં પ્રેક્ષકો મોઢું બગાડ્યા વગર ઘુંટડા ઉકારી જતા હતા...

"કલાકારની સિધ્ધિનું મૂલ્યાંકન તો કલા દ્વારા સમાજ પર થયેલી અસર બતાવે છે" – શ્રી એલ. એમ. પોમલનું સન્માન કરતાં પ્રમુખ સ્થાનેથી શ્રી જયંતિલાલ સાકરીયાએ આપેલ પ્રવચનમાંથી (એક નોંધ – ભવિષ્યવાણી કરતું આ વાક્ય કેટલું સાચું છે! કેટલું દૂરંદેશીભર્યું છે!! કદાચ તેનું ઉચ્ચારણ કરતી વખતે પ્રવચનકર્તાના ખ્યાલમાં પણ નહીં હોય કે પચાસ વરસ પછી આપણી જ્ઞાતિમાંથી ભુજ, અંજાર, અમદાવાદ કે મુંબઈ તેમજ અન્ય સ્થળોએ સારા એવા ફોટોગ્રાફીના સ્ટુડિયો હશે અને અનેક કુટુંબો આ વ્યવસાય દ્વારા રોજીરોટી કમાતા હશે, તો કેટલાક સારી એવી નામના પણ મેળવતા હશે!)



*શ્રી લાલજીભાઈ પોમલને મઢેલું સન્માનપત્ર યુવક મંડળના પ્રમુખ અર્પણ કરી રહેલા જણાય છે.*

આ અંકમાં, સમારંભ ફોટોગ્રાફ્સ સાથે હાસ્ય અને વ્યંગ તેમજ ચિત્રો અને નવલિકાનો પણ સમાવેશ છે. નીચે બે ચિત્રો આપેલ છે. જેમાં એકમાં મંડળના પ્રમુખ શ્રી જયંતીલાલ સાકરીયા, સ્વીડનની એફ.આઈ.એ.પી.ની ડિગ્રી મેળવવા બદલ જ્ઞાતિના યુવાન કલાકાર શ્રી એલ. એમ. પોમલનું સન્માન કરે છે અને બીજી તસવીર છે, યુવક મંડળના સુકાનીઓની, જેમાં બેઠેલાઓમાં ડાબેથી સર્વશ્રી વલ્લભભાઈ દેવશી ઉપપ્રમુખ, જયંતીલાલ સાકરીયા -



*યુવક મંડળના સુકાનીઓ. (બેઠેલા) ડાબી બાજુથી સર્વશ્રી વલ્લભભાઈ દેવશી ઉપપ્રમુખ, જયંતીલાલ સાકરીયા - પ્રમુખ અને અમૃતલાલ વાલજી - મંત્રી તેમજ ઊભેલાઓમાં નાનાલાલ પોમલ - ખજાનચી અને આણંદજી દામજી - ઉપમંત્રી*



*પ્રથમ કેળવણી ઉત્તેજક સમારંભ પ્રસંગે એક સંવાદ નાટીકામાં બાળ કલાકારો લાક્ષણિક અભિનય દાખવી રહ્યા છે.*

પ્રમુખ અને અમૃતલાલ વાલજી - મંત્રી તેમજ ઊભેલાઓમાં નાનાલાલ પોમલ - ખજાનચી અને આણંદજી દામજી - ઉપમંત્રી દેખાઈ રહ્યા છે. (આમાંના કોઈ પણ આજે આપણી વચ્ચે નથી.)

આપણી જ્ઞાતિના તે સમયના વિચારકો અને આગેવાનોએ કરેલ પ્રવચનોમાંથી ચુંટેલા સુવાક્યો. આર્થિક સ્વતંત્રતા એ સ્ત્રીવર્ગના વિકાસનું પ્રથમ પગથિયું છે (વેલુબહેન જી. બુધ્ધભટ્ટી), શિક્ષણનો ફેલાવો શી રીતે થઈ શકે? આવા પ્રશ્નાર્થ સાથે અમેરિકાના પ્રમુખ બેન્જામીન ફ્રેંકલીને એક ગરીબ વિદ્યાર્થીને ૨૦ ડોલરની મદદ કરેલ અને તે વિદ્યાર્થી ભણીને કમાવા લાગતાં ૨૦ ડોલર પરત કરવા ગયો ત્યારે ફ્રેંકલીને તેને તે ડોલર અન્ય ગરીબ વિદ્યાર્થીને આપવાની શીખ આપી તે દાખલો આપી આપણે શિક્ષણ માટે શું કરી શકીએ તે દર્શાવેલ છે શ્રી હરીવલ્લભ છત્રાળાએ. તો શ્રી શામજી દેવશી કંસારા, તેમની આગવી શૈલીમાં કહે છે કે ગરીબોને ધાન અને કપડાં આપી મદદ કરવાથી ગરીબી નહીં ટળે પરંતુ નવી પેઢીને શિક્ષણ આપવાથી જ્ઞાતિનો સર્વાંગી વિકાસ થશે. શ્રી કરશનદાસ મુલજી સોની શિક્ષણની જરૂરિયાત માત્ર નોકરી માટે નહીં પરંતુ જીવનમાં આગળ આવવા માટે પણ છે તેવી વાત કરે છે. તો શ્રી વેલજી સંઘજી નાપાસ થયેલ વિદ્યાર્થીને સ્કુલમાંથી ના ઉઠાડી લેવાની શીખ આપીને બોર્ડિંગના કામ માટે તેમના પ્રયત્નો જણાવે છે.

આજ અંકમાં "આભાર" શિર્ષક હેઠળ શ્રી એલ. એમ. પોમલ કહે છે કે "ફોટોગ્રાફી અને ચિત્રકળામાં સાધારણ જ્ઞાન મેળવ્યું છે



*પ્રથમ કેળવણી ઉત્તેજક સમારંભમાં શામજીભાઈના વરદ્ હસ્તે અપાયેલા ઈનામોમાં એક સાત વર્ષનો બાળક ઉપરની તસવીરમાં ઈનામ લઈ રહ્યો છે.*



*પ્રથમ કેળવણી ઉત્તેજક સમારંભમાં જેટલો ઉત્સાહ અને આનંદ મોટેરાઓમાં હતો એટલો જ ઉત્સાહ - આનંદ વિદ્યાર્થીઓમાં પણ હતો.*

પણ બોલવાની કળામાં હું પ્રવીણ બની શક્યો નથી તે બદલ દિલગીર છું." ખરેખર તો આપણે બધા જ જાણીએ છીએ તે ભુજ અને કચ્છ અને કચ્છ તેમજ ગુજરાતના સાહિત્યની દુનિયાના બે લેન્ડમાર્ક એટલે "સાવન" અને "રંગ" જેમને બોલતા અને ગાજતા કર્યા આ બોલવાની કળામાં પ્રવીણ ન બની શક્યો કહેનાર લાલજીભાઈએ. સાવનમાં જો રંગની મહેફિલો ના થતી હોત તો આપણને અમૃત ઘાયલ ક્યાંથી મળત અને સાવનમાં હિંદુસ્તાનભરના સંસ્કારી લોકોનો ઉતારો ન હોત તો ભુજને લક્ષ્મીશંકર જેવા ઉચ્ચ કક્ષાના સંગીતકાર હરકિશન મહેતા અને વેણીભાઈ પુરોહિત જેવા સાહિત્યકારો તેમજ અનેક કવિઓ, લેખકો તેમજ નામાંકિત કલાકારોનો લ્હાવો ક્યાંથી મળત?

**આ અંકના હાસ્ય ચુસકીમાંની એક જોક –**

એક માણસે બીજાને પૂછ્યું કે

નાની ભૂલ અને મોટી ભૂલમાં તફાવત શું?

બીજાએ જવાબ આપ્યો કે –

તમે હોટેલમાંથી ઉતાવળા ઉતાવળા નીકળતા તમારી જૂની છત્રીને બદલે કોઈકની નવી છત્રી ઉઠાવી લાવો તે નાની ભૂલ કહેવાય. પરંતુ જો તમે તમારી નવી છત્રી મૂકી ને જૂની ઉઠાવી લાવો તો તે એક મોટી ભૂલ કહેવાય.

# નારીના અનેકરૂપ - પુત્રવધુ પુત્રથી પણ વધુ

ખુશ્બુ નીરવ બારમેડા - માધાપર

નારીના અનેકરૂપ છે. તેમાં વિશેષ આ જગતના સર્જનહાર બધે ન પહોંચી શકવાના કારણે સર્જેલુ સ્વરૂપ જનની-માં. બીજું સંસારના બાગમાં ખીલતું ફુલ દીકરી વહાલનો દરિયો. ત્રીજુ પુત્રવધૂ. માં અને દીકરીને જોડતું ત્રીજુ સ્વરૂપ પુત્રથી અધિક પુત્રથી વધુ પ્યારી પુત્રવધૂ.

સંતાન બાપ વગર ઉછરી જાય પણ માં વગર ઉછરવું, એ લોખંડના ચણા ચાવવા કરતાં પણ વધુ કઠિન છે. એટલે જ દુનિયાના તમામ શ્રેષ્ઠ વિશેષણો પણ અધુરા લાગે તેવી વાત્સલ્યમૂર્તિ એટલે 'મા'ના સંબંધમાં કોઇ પર્યાય નથી. સંતાનના દુઃખોમાં દીવાલ બની અડીખમ ઉભી રહેનારી માં જગતની શ્રેષ્ઠ છે. મા – જેના ચરણોમાં માથુ મુકીને જન્મોજન્મના પાપ ધોઇ શકાય તેવું પવિત્ર ઝરણુ એટલે 'મા'. જેની આંખમાંથી સદાય અમી વર્ષા થાય, જેના અંતરમાંથી હંમેશા અમી આશિષ નીતરતા હોય. આખું જગત તમને તરછોડી દેશે તો પણ છેલ્લે મા તો અપનાવશે જ.

*માની મમતા સુખની શૈયા પર સંતાનને સુવાડી દુઃખની ચાદર ઓઢીને પોઢે તેનું નામ 'મા.'*

'દીકરી' નારીનું મમતાનું સ્વરૂપ છે. મા મમતાની મૂર્તિ છે તો દીકરી દયાની મૂર્તિ છે. પિતાનો અઢળક પ્રેમ અને મમતાની મબલખ માયા ભેગા થઇને આકાશમાં ચડે એના વાદળ બંધાય અને અનરાધાર વરસાદ વરસે એનું નામ 'દીકરી'.

કોણ કહે છે દીકરી સાપનો ભારો! એ તો તુલસીનો કયારો છે. જો દિકરા એ મા બાપના હાથ પગ છે; તો દીકરી એ તો મા બાપના હૃદય છે, દીકરી ઘરનું અજવાળુ છે, ચાંદની છે. માતા-પિતાની આંખમાં દીકરી જ્યારે ઘરછોડે ત્યારે, કાં દિકરો તરછોડે ત્યારે આંસુ આવે છે.

કુટુંબને એકતાના દોરે બાંધતી ઉડણ ચકલી, પ્યારી ને મીઠી વીરડીને, કોમળ કાળજાનો કટકો, જેની કાલી ઘેલી વાણીમાં જગત આખાની મીઠાશ ભરેલી છે. એટલે જ દીકરી વ્હાલનો દરિયો છે. દીકરી ડહાપણનો દરિયો છે. જ્યારથી સમજણી થાય ત્યારથી નાની મોટી જવાબદારી સંભાળતી થઇ જાય છે. જન્મથી માંડી સાસરે જાય ત્યાં સુધી તેને પારકી થાપણ કહી પારકી હોવાનો અહેસાસ કરાવવામાં આવે છે. અને સાસરે જાય ત્યાં પણ તેને પારકી જણી માને છે. તો પણ સહનશીલતાની દેવી બન્ને પક્ષને પોતાના જ ગણે છે. પિયરથી ઉખડેલા એ કુમળો છોડ સાસરીયાના આંગણમાં એવુ વૃક્ષ થઇને ફુલે ફાલે છે, જાણે ત્યાં જ ન ઉગ્યું હોય. કેવી છે કુદરતની લીલા! ધન્ય છે! એ તપ અને ત્યાગની દેવી. પોતાના કાળજાના કટકાને દૂર થતા માતૃહૃદય એક આછી ધ્રુજારી અનુભવે છે. એટલે જ તો કહેવાય છે કે દીકરી તો વહાલનો દરિયો છે.

પરંતુ આ જગતજનની મા અને દીકરીને જોડતી સાધતી સાંકળતી કડી વિશે કહું તો પુત્રવધૂ પુત્રથી પણ વધારે પ્યારી પુત્રવધૂ.

આમ તો પુત્રવધૂ એટલે વહુ. જાણે કે વેઠ કરનારી વેઢીયણ. સમાજનું એક એવું પાત્ર, જાણે ઘરની કામવાળી. જરા નિરાંતે બેસવા જાય ને ગોફણની જેમ સાસુના સાદ પડે, 'વહુ કામ જલ્દી કરો ઘરે તમને બેસવા નથી બોલાવી. રસોઇ કોણ કરશે તારી મા?' આવા કડવા વેણના કોરડા અવારનવાર ઝીલવા પડે.

પરંતુ જ્યારે ઉંમરલાયક થઇ દીકરી માવતરના ઘરનો ઊંબરો ઓળંગવાના સ્વપ્ન જોતી પાનેતરમાં, મીંઢળ બાંધી, કપાળ પર સૌભાગ્યનું ચિન્હ, હાથમાં મહેંદી, ગળામાં મંગલસુત્ર ત્યારે કન્યામાંથી સ્ત્રી બની નવા ઘરમાં ગૃહપ્રવેશ કરતા કેટલા સપના લઇને પ્રવેશે છે. દરેક જગતની કન્યાના જીવનમાં આ સીલસીલો છે.

પણ એ નવા ઘરમાં જો સંસ્કારી મા હશે તો કહેશે, 'મારા દિકરાની પત્ની, મારી પુત્રવધૂ આ સંબંધ સમાજ દ્વારા મળેલ છે પણ તારે ને મારે મા-દીકરીના સગપણ સુધી પહોંચવું છે. કંકુ પગલા કર. તને આવકારવા હું બે પગલા સામે આવું છું. સાસુમાનો આ હક હું જાળવીશ.

મા બનવા નવ માસ ગર્ભ ધારણ કરવો એવું નથી. કોઇકવાર હૃદયને લાગણીઓના ગર્ભથી પણ ધારણ કહી શકાય. તો પણ માતૃત્વ મળે છે. તારી જેમ મેં પણ ક્યારેક પાનેતર પહેરી આ ઘરમાં કંકુ પગલા કરેલા ત્યારે મારા માનસનાં ઘણા પ્રશ્નો હતા. એટલે જ આજે તને આવકારતા મારી દીકરી કહું છું પણ તું મને મા તરીકે સ્વીકારીશ ને? કિલ્લોલ કરતા મારા પરિવારમાં તું ઉપવનનું બુલબુલ બનીને ગુલાબ બનીને ખીલીશને? તું બધું છોડીને આ ઘરે આવી છો, તે તારા જ ઘરમાં આવી છો. આ ઘર તારું જ છે.

તારૂ જ સમજીશ ને....?

તને ક્યારે પણ વિષાદ થાય, કંટાળો આવે તો મારા ખોળામાં માથુ મુકીને મને મા સમજીને કહેજે.

જે ઘરમાં વીસ વીસ વરસના શ્વાસ ઘુટાય છે. દિવાલે દિવાલે ગીતની પંક્તિ બોલે છે. ઘરમાં ઝાંઝરનો ઝણકાર થાય તે ઘરને ભૂલવું સહેલુ નથી પણ જયારે આ બધું છોડી તું મારા દિકરા માટે આવી રહી છો તો તને સત્કારવા હું શા માટે આગળ ન આવું. આમેય નારી માટે સૌથી વધારેમાં વધારે કોઇ વિશેષણ હોય તો તે ત્યાગની મૂર્તિ છે. કોઇના માટે કાંઇ છોડવાનું. પુરૂષ લગ્ન પછી શ્વસુર પક્ષે રહેવા જતો નથી. કારણ કંઇ છોડવાનું સુખ માત્ર નારી માટે જ છે. પ્રભુએ સર્જન કરેલ છે. માટે માવતરનું ઘર છોડી સાસરે જવું એ નારીને જ છોડી શકવાનું સુખ હાથવગુ છે.

લગ્ન, એ બે વ્યક્તિ વચ્ચે ઘટતી ઘટના નથી. લગ્ન એક પરિવાર બનાવે છે. ઘરને મકાન બનતુ અટકાવે છે. પથ્થર, સિમેન્ટ, રેતીથી મકાન બને છે. ઘર તો ગૃહિણીથી બને છે. ૨૦ વર્ષથી મારા દિકરાને મે મોટો કરી સાચવ્યો છે. આજથી, પુત્રવધૂ, તને સોપું છું કારણ કે આજથી તુ મારા ઘરની લક્ષ્મી છો. મારા પુત્રથી પણ વધારે વ્હાલી તું છો. એના ક્રોધને વ્હાલથી, તિરસ્કારને પ્યારથી, ભયને અભયથી સાથ સહકાર આપી તું જીતી લેજે એવા આશિર્વાદ આપુ છું.

તારા સર્જેલા તમામ સોનેરી સ્વપ્ના સાકાર થાય એવા આશિષ. પરંતુ ભગવાન રામ કે શ્રીકૃષ્ણને પણ કપટો સહન કરવા પડેલા. જે બ્રહ્મ સ્વરૂપે હોવા છતા, તો પરિપૂર્ણ હું કે તું પણ નથી. બધા સ્વપ્ન, આકાંક્ષાઓ પરિપૂર્ણ ન થાય તો નિરાશ ન થતી. આપણે તો માનવ છીએ. નવો પંથ કંડારવા આપણને જરૂર બદલાવું પડશે. પુત્રવધૂને જો પુત્ર કરતા વધારે લાગણી આપશું અને એટલું જ કહેવાનું અહિંયા મા બદલાઇ નથી, માત્ર મા નો ચહેરો બદલાયો છે. બાકી મા તો એજ છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૯ ઉપર)**

# 'અષાઢીબીજ તણી વીજનો ચમકારો....'

કુ. એકતા કટ્ટા - અંજાર

વાચક મિત્રો! અષાઢી બીજની કેવી સુંદર કલ્પના આપણે કચ્છીઓ કરીએ છીએ. કચ્છી નૂતન વર્ષ એટલે અષાઢી બીજ. એક રીતે તો આપણી આ પરંપરા પ્રકૃતિપ્રેમી-નિસર્ગ પ્રેમી તરીકે કચ્છીઓને ઉપસાવે છે. બળબળતા તાપને જાકારો આપી, આહલાદક-ઉન્માદક ઋતુનો પ્રવેશદ્વાર અષાઢી બીજ અને અષાઢ મહિનાને કહી શકાય. પણ વાસ્તવમાં આ નૂતન વર્ષારંભે સાંપ્રત જીવનની એક અંધકારમય વાસ્તવિક્તા ઉજાગર કરતો એક વીજળીનો ચમકારો આપણાં સર્વેનાં મન સુધી પહોંચે તે જરૂરી બન્યું છે.

અષાઢી બીજની સુંદર કલ્પના વચ્ચે છેલ્લા પાંચથી સાત વર્ષ દરમ્યાનની કેટલીક સત્ય ઘટનાઓ અંધકારભર્યા ભવિષ્યની ચેતવણી આપે છે. એવી ઘટનાઓ જે કદાચ આપ સર્વે પણ આપની આસપાસ નિહાળી, તેનાં મૂક સાક્ષી માત્ર બની રહ્યાં હશો. એ નરી વાસ્તવિક્તાની આછેરી ઝલક અત્રે પ્રસ્તુત છે.

## લ્યો, આવી અષાઢી બીજ

*અહો! લ્યો આવી અષાઢી બીજ, લાવી ઘેરી ગાજને વીજ,*
*સૌ સજાવે સલૂણાં સ્વપ્નાં સુંદર ઋતુ તણાં, ભૂલી ઝંઝાળ, ચિંતા ને ખીજ,*
*ખેડૂ ભૂલે તાપને કલ્પે સુંદર ભવિષ્ય કચ્છી માડુની રીત અનેરી, તે વાવે સુખનાં બીજ,*
*હા! સાંભળ્યું છે ક્યાં, 'વીજળીને ચમકારે મોતીડાં પરોવાય નાં!'*
*પણ આ શું? એ અષાઢી બીજનાં વીજ ચમકારે, મેં ભાખ્યું આંધળો - કાળો ભવિષ્ય*
*કરૂં શું વાત મિત્રો! અષાઢી બીજ આવીને આનંદો-આનંદો!*
*પણ વર્ષાનાં ઘેરાં ઉન્માદમાં પણ સાંભળી ઘેરી ચીસ!*
*એક 'મા' આક્રંદ કરતી, જેની કેવી અષાઢી બીજ?*
*ખોયો પનોતો પુત્ર જેની હતી મદિરા વ્યસનની રીત!*
*ત્યાં તો વળી બીજા ઘરમાં એક નારી માંગે મોતની ભીખ!*
*વ્યસનનો પાલવ ઝાલી, સોડ તાણી મૃત્યુ તણી, તેનાં ભરથારે ભૂલાવી તેની સઘળી પ્રીત,*
*સંતાનોને હેતે રમાડતાં એક દંપતિએ મેળવી સઘળે મેદાને જીત,*
*પણ દંશ દીધો વ્યસન નાગે, વૃદ્ધ માતા-પિતા, પરિવારે ગુમાવી મજબૂત ભીંત!*
*ભૂલ ન હતી બીજા કોઈની એ સઘળે ઠામે,*
*દુર્યોધન સમ પુત્રો માટે, મા-બાપે નિભાવી ધૃતરાષ્ટ્ર-ગાંધારી તણી જ રીત!*
*એ અષાઢી બીજ કર એવો વીજ ચમકારો,*
*આંધળાપણું ભાંગે ધૃતરાષ્ટ્ર-ગાંધારીતણું,*
*તે નિભાવે સાચા માત-પિતા તણી રીત!*
*અહો! લ્યો આવી અષાઢી બીજ, લાવી ઘેરી ગાજને વીજ,*

બે પુત્ર સંતાનોની માતા જેમણે કપરી આર્થિક પરિસ્થિતિમાં પુત્રોનું લાલન-પાલન કર્યું. મોટા પુત્રને કમાતો કર્યો, પરણાવ્યો. સુંદર નાનકડી પૌત્રીનો સુખ મેળવ્યું. ત્યાં અચાનક અકસ્માતમાં પુત્ર મૃત્યુ પામ્યો. દારૂનાં નશામાં ચાર-પાંચ મિત્રો સાથે ફરતો હતો ત્યાં અકસ્માતમાં તે મૃત્યુ પામ્યો. માતા માટે મન મનાવવા બીજો પુત્ર હતો. યુવાન વધૂનાં પુર્નવિવાહની તૈયારી થઇ પરંતુ, તે નાની બાળકીનો શું દોષ? જે કદી તેનાં પિતાનું મુખ નહીં દેખે!

સાધન સંપન્ન પરિવારનાં ચાર પુત્રોમાંનો ત્રીજો પુત્ર. સારાં વ્યવસાય સાથે સંકળાયેલ શિક્ષિત યુવાન. અતિરૂપવાન, સંસ્કારી, શિક્ષિત પત્ની. પરાણે વ્હાલો લાગે તેવો પુત્ર. ઈશ્વરે કશીય ખામી રાખી નહીં. લીવર ફેઈલ થયું. દિવાળી જેવાં તહેવારનાં દિવસે તે યુવાન મૃત્યુ પામ્યો. કોઇ શારીરિક ખામી ન હતી. હતી માત્ર માનસિક ખામી. આટલાં સુખ વચ્ચે પણ તે દારૂનો વ્યસની બન્યો હતો. શિક્ષિત હોવા છતાં, રૂપવાન હોવા છતાં પતિરૂપે સર્વસ્વ ગુમાવનાર તેની પત્ની જીવન ટૂંકાવવા માંગતી હતી!

ચુસ્ત પારંપરિક જીવનશૈલીનાં આગ્રહી પરિવારનો એ પુત્ર. નામાંકિત પેઢીનો વારસદાર. ત્રણ સંતાનો અને ઘરને અનુરૂપ પત્નીવાળા પરિવારનો મુખી. ગળાનો કેન્સર, અતિ શારીરિક પીડા વેઠી અંતે યુવાવયે મૃત્યુને વર્યો. તેનાં તમાકુ-ગુટખાનાં અતિ વ્યસને ઘરડાં મા-બાપ, પત્ની અને કિલ્લોલ કરતાં સંતાનોને નીરસ-નિર્જીવ સમા જીવની ભેટ આપી!

પિતાની વ્યવસાયિક પેઢીને, મોટા ભાઇ તથા પોતાનાં પરિવારને, પરણેલી બહેનોનાં વ્યવહારોને, સામાજીક દરજ્જાને ગુમાનભેર નિભાવતો તે યુવાન આર્થિક બાબતે અતિ સાહસિક. લાખો રૂપિયાની લ્હાણી પત્ની, સંતાનો, પરિવારજનોને કરતો. આજે પુત્રો-ભત્રીજાઓની મામૂલી નોકરી, ઘરડી માતા અને પત્નીનું પરાણે હસતું મુખ, જાહેર જીવનથી વિમુખ થઇ તે જ યુવાન ચર્ચાઓ-ટીકાઓનો વિષય બની ગયો. દારૂ-જુગારનાં વ્યસને પાયમાલી સર્જી તેને દેવાદાર બનાવી દીધો!

આ બધી સત્ય ઘટનાઓ માટે જવાબદાર કોણ? આધુનિકતા? પાશ્ચાત્ય સંસ્કૃતિનો પવન? માનસિક તાણ? દેખા-દેખી? ના મિત્રો! આ બધા તો બાહ્ય પરિબળો છે. એ તમામ દુર્યોધન સમાં પુત્રોનાં મૂળ તો ધૃતરાષ્ટ્ર અને ગાંધારી સમા આંધળા માતા-પિતા નથી લાગતાં? અતિ આધુનિક-ભૌતિક, દેખા-દેખી ભરેલાં, વ્યસ્ત જીવન પ્રવાહમાં વહી જતાં પોતાનાં કાળજાનાં કટકાઓને ન જોઇ શકનારાંએ આંધળા માતા-પિતાઓ પોતાનાં સંતાનો પર અંકુશ ગુમાવી ખોટા વહેમમાં જીવે છે. નીતિ શાસ્ત્રમાં કહ્યું છે, 'ભાભયેત્ પંચ વર્षाणि, दश वर्षाणि ताडयेत । प्राप्ते तु षोडशे वर्षे, पुत्रं मित्रवदाचरेत् ॥' તે મુજબ વિવિધ વ્યવહારોરૂપી અંકુશ તો જરૂરી છે. અન્યથા ઉન્માદી અને નિરંકુશ યુવાધન વ્યસનનાં ખાડામાં ઊતરી જીવનભરની ટીસ મનમાં છોડી જશે. શુભ દિને-શુભ વિચાર પૂર્વે અષાઢી બીજનાં વીજ ચમકારામાં આ ચમકારો વસમો છે પણ કદાચ નિરર્થક તો નથી જ! ■

# શ્રી મારૂ કંસારા સોની યુવક મંડળ - ભુજ

રાહુલ સી. ચનાણી - મંત્રી

## નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ યુવક મંડળ - ભુજ દ્વારા પ્રથમ વખત રાત્રી પ્રકાશ ક્રિકેટ ટુર્નામેન્ટ "સ્વ. મણિબેન હીરાલાલ સોની સ્મૃતિ કપ - ૨૦૧૦"નું આયોજન ભુજ મધ્યે કરવામાં આવેલ. જેનો ઉદ્‌ઘાટન સમારોહ તા. ૨૬-૫-૨૦૧૦ના રોજ રાત્રે ૯ વાગે જ્યુબિલી ગ્રાઉન્ડ મધ્યે યોજવામાં આવેલ. જેમાં ટુર્નામેન્ટના મુખ્ય દાતાશ્રી ભરતભાઈ આર. સોની (ભુજ), ભુજ જ્ઞાતિના પ્રમુખ શ્રી કિશોરભાઈ જે. ચનાણી, સહયોગી દાતા પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી (ભુજ), જટુભાઈ વેલજી ચનાણી (ભુજ), વેલજી આણંદજી ચનાણી (ભુજ), સુરેશભાઈ પી. વીસાપરમાર (અંજાર), સંજયભાઈ બી. બગ્ગા (નખત્રાણા), જયેશભાઈ ટી. સોલંકી (સામત્રા), લહેરીકાંતભાઈ એસ. સોની (નખત્રાણા), ભોગીલાલભાઈ એચ. સોની (નખત્રાણા) તથા મહિલા મંડળના પ્રમુખ લતાબેન સોલંકી ઉપસ્થિત રહ્યા હતા.







મુખ્ય દાતા ભરતભાઈ સોની દ્વારા ટોસ ઉછાળીને સ્ટાર્ટ આપવામાં આવેલ. પ્રથમ મેચ એસ.બી. ઈલેવન - નખત્રાણા તથા નાના ફળીયા નાઈટ રાઈડર્સ - ભુજ વચ્ચે રમાયેલ. જેમાં એસ.બી. ઈલેવન - નખત્રાણાનો ૩૫ રને વિજય થયો હતો.

આ ટુર્નામેન્ટમાં કચ્છભરમાંથી ૨૦ ટીમોએ ભાગ લીધેલ. આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ તા. ૨-૬-૨૦૧૦ના રોજ બ્લેક પેન્થર ઈલેવન - ભુજ અને ઓમ ઈલેવન - માધાપર વચ્ચે રમાયેલ. જેમાં ઓલ ઈલેવન - માધાપર વિજયી થયેલ. વિજેતા ટીમને મુખ્યદાતા શ્રી ભરતભાઈ સોનીના હસ્તે ટ્રોફી અપાયેલ.

★ આ ટુર્નામેન્ટમાં મેન ઓફ ધી સીરીઝ બ્લેક પેન્થર ઈલેવનના રોહન બુધ્ધભટ્ટી થયા હતા. જેઓ ટુર્નામેન્ટ દરમ્યાન ૩ વાર મેન ઓફ ધ મેચ થયા હતા તથા ટુર્નામેન્ટ દરમ્યાન કુલ ૮૯ રન કરેલ તથા ૭ વિકેટ લીધેલ.

★ બેસ્ટ બેટ્સમેન સન્ની ઈલેવનના જયેશ ગુજરાતી થયા હતા. જેઓએ ટુર્નામેન્ટ દરમ્યાન કુલ ૧૩૬ રન કરેલ. તથા મેચમાં ૧૧૨ રન કરી ટુર્નામેન્ટની પ્રથમ સેન્ચુરી ફટકારી હતી.

★ બેસ્ટ બોલર બ્લેક પેન્થર ઈલેવનના પંકજ પોમલ થયા હતા. જેઓએ ટુર્નામેન્ટ દરમ્યાન ૯ વિકેટ લીધેલ.

★ બેસ્ટ વિકેટકીપર ઓમ ઈલેવનના દેવેન્દ્ર બારમેડા થયા હતા.

★ બેસ્ટ ફિલ્ડર ઓમ ઈલેવનના કમલેશ બુધ્ધભટ્ટી થયા હતા.

ઉપસ્થિત દાતાઓના હસ્તે ચેમ્પિયન ટીમ, રનર્સ અપ ટીપ તથા સારો દેખાવ કરનાર ખેલાડીઓને ટ્રોફી તથા ઈનામો આપવામાં આવેલ. ટુર્નામેન્ટમાં અમ્પાયર તરીકે માનદ્ સેવા આપનાર અમ્પાયર રમેશભાઈ બુધ્ધભટ્ટી, અરૂણભાઈ બુધ્ધભટ્ટી, સંજયભાઈ આર. બગ્ગા તથા કિરીટભાઈ એ. સોલંકી તેમજ સ્કોરર તરીકે સેવા આપનાર જયેશ આર. બુધ્ધભટ્ટી, ગીરીશ બુધ્ધભટ્ટી, હિતેશ પોમલ, રવિ બારમેડા તથા કેતન બુધ્ધભટ્ટીનું પણ સન્માન કરવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમને સફળતા અપાવવા માટે યુવક મંડળના પ્રમુખ શ્રી અનિલભાઈ કે. છત્રાળા, સ્પોર્ટસ કમિટી કન્વીનર સચીનભાઈ એમ. બુધ્ધભટ્ટી તથા યુવક મંડળના કારોબારી સભ્યો સંજય વી. બુધ્ધભટ્ટી, ગીરીશ એ. સોલંકી, અશોક જે. બુધ્ધભટ્ટી, સંજીવ બુધ્ધભટ્ટી, નિર્મલ એસ. બુધ્ધભટ્ટી, મનોજ આર. બુધ્ધભટ્ટી, દીપક પોમલ, કીર્તિ બુધ્ધભટ્ટી, સમીર એ. છત્રાળા, કપીલ પોમલ, વિપુલ પોમલ, જયેશ બુધ્ધભટ્ટી, આનંદ બુધ્ધભટ્ટી, રાહુલ સોલંકી, મહેશ બારમેડાએ જહેમત ઉઠાવેલ.

કાર્યક્રમનું સંચાલન યુવક મંડળ મંત્રી રાહુલ સી. ચનાણી, સહમંત્રી મહેશભાઈ ગુજરાતી તથા જીગરભાઈ એમ. બુધ્ધભટ્ટીએ સંભાળેલ. ■

# શ્રી મારૂ કંસારા સોની યુવક મંડળ - ભુજ

## ઈન્ડોર ગેમ્સ અંગેની વિગત

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ યુવક મંડળ - ભુજ દ્વારા ઈન્ડોર ગેમ્સનું આયોજન ભુજ મધ્યે તા. ૧-૫થી તા. ૭-૫-૨૦૧૦ સુધી કરવામાં આવેલ. જેમાં કબ્બડી, ચેસ જુનીયર, ચેસ સીનીયર, કેરમ સીંગલ્સ / ડબલ્સ જુનીયર તથા સીનીયર, બેડમિન્ટન જુનીયર તથા સીનીયર જેવી ગેમ્સનું આયોજન કરવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિનાં યુવકો જોડાયેલ.

ઈન્ડોર ગેમ્સનો સમારોહ તા. ૧-૫-૨૦૧૦ના રોજ રાત્રે ૯ વાગે ચનાણી પાર્ટી પ્લોટ, ભુજ મધ્યે યોજવામાં આવેલ. જેમાં જ્ઞાતિ પ્રમુખ શ્રી કિશોરભાઈ જે. ચનાણી, જ્ઞાતિ કારોબારીના સભ્યો, મહિલા મંડળના પ્રમુખ તથા સભ્યો, યુવક મંડળના સભ્યો તથા બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. કબડ્ડીની રમતથી ઈન્ડોર ગેમ્સની શરૂઆત કરવામાં આવેલ. જેમાં હરીફ ટીમોને હરાવ્યા બાદ નાના ફળીયા યુવક મંડળની ટીમ વિજેતા થયેલ.

ઈન્ડોર ગેમ્સની જુદી જુદી રમતોના વિજેતાઓની યાદી.

| | | |
|---|---|---|
| ચેસ જુનીયર | ચેમ્પીયન | પુજન યોગેશભાઈ બુધ્ધભટ્ટી |
| ચેસ સીનીયર | ચેમ્પીયન | જીતેન્દ્ર હીરાલાલ મૈચા |
| | રનર્સ અપ | કેતન નરોતમ બુધ્ધભટ્ટી |
| કેરમ સીંગલ્સ જુનીયર | ચેમ્પિયન | રોહન અનિલભાઈ કટ્ટા |
| | રનર્સ અપ | પાર્થ નીતેશભાઈ બુધ્ધભટ્ટી |
| કેરમ સીંગલ્સ સીનીયર | ચેમ્પિયન | પરેશ હિંમતલાલ બગ્ગા |
| | રનર્સઅપ | મીરાજ અરવિંદભાઈ બારમેડા |
| કેરમ ડબલ્સ સીનીયર | ચેમ્પિયન | હર્ષદ નરોત્તમભાઈ બુધ્ધભટ્ટી |
| | ચેમ્પિયન | કેતન નરોત્તમભાઈ બુધ્ધભટ્ટી |
| | રનર્સ અપ | ભરત મણિલાલ બીજલાણી |
| | રનર્સ અપ | મિરાજ અરવિંદભાઈ બારમેડા |
| બેડમિન્ટન જુનીયર | ચેમ્પિયન | નીરવ ભરતભાઈ બગ્ગા |
| | રનર્સ અપ | સમર્થ ભાવેશભાઈ બગ્ગા |
| બેડમિન્ટન સીનીયર | ચેમ્પિયન | રીધમ દિનેશભાઈ છત્રાળા |
| | રનર્સ અપ | વિવેક અરવિંદભાઈ બુધ્ધભટ્ટી |

સમગ્ર કાર્યક્રમને સફળતા અપાવવા માટે યુવક મંડળના પ્રમુખ અનિલભાઈ કે. છત્રાળા, સ્પોર્ટસ કમિટી કન્વીનર ભાવેશભાઈ બગ્ગા તથા યુવક મંડળના સભ્યો રાહુલ સી. ચનાણી, મહેશભાઈ ગુજરાતી, ગીરીશ એ. સોલંકી, અશોક જે. બુધ્ધભટ્ટી, સંજીવ બુધ્ધભટ્ટી, સંજય વી. બુધ્ધભટ્ટી, મનોજ આર. બુધ્ધભટ્ટી, દીપક પોમલ, હિતેશ પોમલ, કીર્તિ બુધ્ધભટ્ટીએ જહેમત ઉઠાવેલ.

***રાહુલ ચનાણી - મંત્રી***

## કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - સાબરકાંઠા

શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - સાબરકાંઠા દ્વારા આયોજીત જનરલ મિટીંગ તા. ૧૩-૬-૨૦૧૦ના રવિવારના રોજ હોટલ અંજલી મુકામે યોજાયેલ.



★ તેમાં ગત વર્ષના હિસાબો સોની દિનેશકુમાર જેઠાલાલ દ્વારા રજૂ કરવામાં આવ્યા.

★ સાબરકાંઠા મંડળ રજીસ્ટ્રેશનને દસ વર્ષ પૂરા થવાથી દશાબ્દી નિમિત્તે દરેક સભ્યોને ૫ ગ્રામ ચાંદીના સિક્કા મંડળ તરફથી આપવામાં આવ્યા.

★ સાબરકાંઠા જીલ્લાની પરિચય પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું.

★ દરેક વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ તથા નોટબુકો આપવામાં આવ્યા.

★ ત્યારબાદ સૌ સભ્યોએ ભોજનનો આસ્વાદ માણ્યા બાદ બાળકો દ્વારા રજૂ કરવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમ માણી છૂટા પડ્યા.

★ આ જનરલ મિટીંગનો તમામ ખર્ચ (ભોજન, ઈનામ વિતરણ, નોટબુકો) સ્વ. સોની જેઠાલાલ જીવરામની પુણ્ય સ્મૃતિ રૂપે એમના સુપુત્ર શ્રી જયમીન જેઠાલાલ સોની તરફથી આપવામાં આવેલ.

### મુક્તક

***જીનલ સોની 'યાદ', નાગલપુર-માંડવી (કચ્છ)***

*આથમતા સુરજે આંખ મીંચી, સંધ્યાના બગાસા આવ્યા*
*ઓઢી કાળી ચાદર, રાત પોઢી; તારા ચાંદના સ્વપ્ના આવ્યા*
*ચાંદની ઓજસ પકડવા ગયા, ને લ્યો ત્યાં તો સવાર થઈ ગઈ*

*સરિતાની આશમાં અમે ઝાંઝવાના મુસાફર ઝરણાને અવગણ્યુ*
*હવે ભૂલ નહિ કરીએ 'યાદ'*
*સરિતા મળશે પછી દરિયાની રાહ નહિ જોઈએ.*


# મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ

**રોહિણી ભરત બુધ્ધભટ્ટી - મંત્રી**

## બાળકો માટેની રમત ગમત સ્પર્ધા

તા. ૧૩-૨-૧૦ના રોજ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ આયોજિત બાળકો માટેની રમત ગમત સ્પર્ધાએ અનેરૂં આકર્ષણ જણાવ્યું હતું. ૩ થી ૧૫ વર્ષ સુધીના બાળકોએ આમાં બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો.

જુલીબેન સોલંકી તેમજ પ્રીતીબેન બગ્ગાના અધ્યક્ષપદેથી વિવિધ રમતો રમાડવામાં આવી હતી. સ્લો સાઇકલિંગ, ત્રિ-પગી દોડ, લીંબુ ચમચી તેમજ સંગીત ખુરશી જેવી રમતો રમાડવામાં આવી હતી. મા કાલિકા મા મંદિરની બાજુના ખુલ્લા પ્લોટમાં આ રમતો રમાડવામાં આવી હતી.





- **સ્લો સાઇકલિંગ :**

વિજેતાઓને મહિલા મંડળના હોદ્દેદારો તેમજ કારોબારી સભ્યોના હાથેથી ઇનામો આપવામાં આવ્યા હતા. વિજેતાઓના નામ નીચે મુજબ છે.

★ વર્ષ ૩ થી ૭ : (૧) ખુશ પોમલ, (૨) પ્રિયંકા બારમેડા
★ વર્ષ ૮ થી ૧૧ : (૧) ધ્રુવ છત્રાળા, (૨) કેવિન પોમલ
★ વર્ષ ૧૨ થી ૧૫ : (૧) વિશાલ ગુજરાતી, (૨) યશ બુધ્ધભટ્ટી

- **લીંબુ ચમચી :**

★ વર્ષ ૩ થી ૭ : (૧) દેવાંશી સોલંકી, (૨) ખુશી કટ્ટા
★ વર્ષ ૮ થી ૧૧ : (૧) પાયલ સાકરિયા, (૨) કેવિન પોમલ
★ વર્ષ ૧૨ થી ૧૫ : (૧) વિનિતા ગુજરાતી

- **ત્રિ-પગી દોડ :**

★ વર્ષ ૩ થી ૭ : (૧) ખુશ-હર્ષવી (૨) રાજવી-દેવાંશી
★ વર્ષ ૮ થી ૧૧ : (૧) સન્ની-જાનવી (૨) પાયલ-કેશવી
★ વર્ષ ૧૨ થી ૧૫ : (૧) રિદ્ધિ-વિધ્ધિ (૨) પ્રિન્સ-સૂરજ.

- **સંગીત ખુરશી :**

★ વર્ષ ૩ થી ૭ : (૧) ખુશ પોમલ, (૨) રિશિ બુધ્ધભટ્ટી
★ વર્ષ ૮ થી ૧૧ : (૧) પાયલ સાકરિયા, (૨) કેવિન પોમલ
★ વર્ષ ૧૨ થી ૧૫ : (૧) જયદિપ બારમેડા, (૨) વિશાલ ગુજરાતી

વિવિધ રમતો રમતાં બાળકોને જોવા પણ મોટી સંખ્યામાં બહેનો, બાળકો ઉમટ્યા હતા અને સ્પર્ધકોનો જોશ વધાર્યો હતો.

પ્રમુખ શ્રીમતી લતાબેન સોલંકીના વડપણ હેઠળ આવા વિવિધ કાર્યક્રમો અમારૂં મહિલા મંડળ સતત યોજે છે. જેમાં વિવિધ દાતાઓનો પણ સહકાર અમને મળતો રહ્યો છે તેથી વિના સંકોચે, વિના મુશ્કેલીએ, આવા કાર્યક્રમો પાર પાડી શકાય છે. અત્રેથી આવા સહુ દાતાઓના આભાર સહ.....

## દ્વિ વાર્ષિક અહેવાલ

ગત તા. ૧૦-૦૪-૧૦ના રોજ મહિલા મંડળની જનરલ મિટીંગ સમાજવાડી મધ્યે યોજાઇ ગઇ. જેમાં દ્વિ-વાર્ષિક હિસાબોની રજૂઆત કરવામાં આવી હતી. જૂના સભ્યોને મહિલા મંડળ તરફથી ઇનામની લ્હાણી કરવામાં આવી હતી તેમજ નવા જૂના સભ્યોની નોંધણી પણ સ્થળેથી જ કરવામાં આવી હતી. હાલમાં લગભગ ૯૦ જેટલા સભ્યો મહિલા મંડળમાં કાર્યરત છે. જેઓ વિવિધ કાર્યક્રમોમાં પોતાની સેવાઓ આપે છે તેમજ જ્યારે જ્યારે જરૂર પડી છે સેવામાં હાજર રહ્યા છે.

આગામી કાર્યક્રમોમાં વિવિધ ક્રાફ્ટ્સના ક્લાસીસ

★ બાળકો માટે અભ્યાસની આસાન પધ્ધતિઓ, બ્લડ ગ્રુપીંગનો કાર્યક્રમ, વૃધ્ધાશ્રમની મુલાકાત
★ પ્રસંગોચિત વસ્ત્રો તેમજ આભુષણોની તેમજ મેકઅપ અંગેની ટીપ્સ નિષ્ણાંતો દ્વારા
★ વુલ નિટીંગના ક્લાસીસ
★ ક્રાફ્ટ્સ મેળાનું આયોજન વગેરે


ઉપરોક્ત બધાજ કાર્યક્રમો અનુકૂળતાએ યોજવામાં આવશે જેમાં જ્ઞાતિજનોનો સહકાર જરૂરથી મળી રહેશે તેવી આશા છે.

***રોહિણી ભરત બુધ્ધભટ્ટી***
***મંત્રી, શ્રી મારૂં કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ-ભુજ***

# મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ

## સમર કેમ્પ અહેવાલ





ઓહ! આ ગરમી, આ તાપ તો ત્રાહિમામ પોકારાવે છે. અસહ્ય તાપ, બળબળતો તડકો છતાંય બાળકોને જો રમતગમત જેવી પ્રવૃત્તિઓમાં સામેલ કરવામાં આવે તો આ ઉપરોક્ત બધી જ ઉક્તિઓ તેમના માટે ખોટી ઠરે છે. તેઓને ન તો તાપ અસર કરે છે કે નહીં તડકો, હા. વહાલા વાંચકો, આ વાત છે અમારા મહિલા મંડળ આયોજિત સમર કેમ્પની. શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ-ભુજની બહેનોએ વિચાર્યું કે પરીક્ષાઓ પતી ગયા પછી બાળકો અને ખાસ કરીને તેમની સાથે તેમની માતાઓએ પણ કંઇક હાશકારો અનુભવ્યો હોય તેવું લાગતાં બાળકો માટે સમર કેમ્પનું આયોજન કર્યું. આયોજનની જાહેરાત થતાં જ બાળકો અને તેમની માતાઓના અનેરા ઉત્સાહને જોતા તા. ૪-૫-૧૦થી તા. ૮-૫-૧૦ સુધી આ સમર કેમ્પ યોજવાનું નક્કી થયું. ૫ વર્ષથી ૧૫ વર્ષની ઉંમર સુધીના લગભગ ૪૦ જેટલા બાળકોએ આમાં ભાગ લીધો હતો. પ્રોજેક્ટ ચેરપર્સન તરીકે ભાવનાબેન ચનાણી, માલતીબેન ગુજરાતી તેમજ નીલાબેન પોમલે સેવાઓ આપી હતી. જ્યારે સમર કેમ્પના ઇન્સ્ટ્રક્ટર તરીકે જીજ્ઞાબેન પોમલે બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ડ્રોઇંગ, પેઇન્ટિંગ, કેન્ડલ મેકિંગ, ક્લે ટોયઝ મેકિંગ, યોગાસન, વક્તૃત્વ, નિબંધ લેખન, ડાન્સીંગ વગેરે શીખવી હતી.

મહિલા મંડળ-ભુજના પ્રમુખ શ્રીમતી લતાબેન સોલંકીએ બાળકોને વિવિધ રમતો – ધમાલ ઢોલકી, કાંકરી શોધ, યોગાસનના વિવિધ આસનો જેવાકે પ્રાણાયામ, કપાલ ભાતિ, ભ્રામરી વગેરે શીખવ્યા હતા.

★ દરરોજ સાંજે ૪ થી ૭ વાગ્યા સુધી બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ સાથે રમતગમત જેવી પ્રવૃત્તિઓ પણ કરાવવામાં આવી હતી. આ માટે સમાજની વાડી આપવા માટે પ્રમુખપદેથી આભારવિધિ કરવામાં આવી હતી.

★ બાળકોને દરરોજ વિવિધ ઇનામોની લ્હાણી નીચે મુજબના દાતાઓ તરફથી કરવામાં આવતી હતી : હેતલબેન સોલંકી, ભાવનાબેન ચનાણી, રોહિણીબેન બુધ્ધભટ્ટી, નીલાબેન પોમલ, નયનાબેન ચનાણી, લતાબેન સોલંકી

★ સમર કેમ્પના અંતિમ દિવસે પૂર્ણાહુતિ પ્રસંગે એક પ્રદર્શન સમાજવાડી મધ્યે યોજવામાં આવ્યું હતું. જેમાં બાળકો જે વિવિધ વસ્તુઓ બનાવતા શીખેલા એ બધી જ વસ્તુઓનું પ્રદર્શન સમસ્ત જ્ઞાતિજનો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. જે જોવાનો લાભ સર્વે જ્ઞાતિજનોએ લીધો હતો.

★ આ પ્રસંગે જ્ઞાતિ પ્રમુખશ્રી, યુવક મંડળ પ્રમુખશ્રી તરફથી શુભેચ્છાઓ, અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

★ આ સમર કેમ્પમાં દરરોજ કારોબારી સભ્યો તેમજ હોદ્દેદારોએ હાજરી આપી આયોજકો તેમજ ભાગ લેનારા બાળકોનો જુસ્સો વધાર્યો હતો.

★ ચેરપર્સન્સની પણ સેવાઓ માટે મહિલા મંડળ પ્રમુખશ્રીએ આભાર માન્યો હતો.

# શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ

## શોકાંજલી

ભુજના આપણી જ્ઞાતિના વડીલ **શ્રી મગનભાઈ વેલજી ચનાણી (વેલજી આણંદજી પરિવાર)**ના દુઃખદ અવસાનની, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ તથા જ્ઞાતિસેતુ પરિવાર સખેદ નોંધ લે છે. મુ.શ્રી મગનભાઈ આપણી ભુજ જ્ઞાતિના અગ્રણી કાર્યકર હતા. તેમજ જ્ઞાતિહિતનાં કાર્યો માટે તન-મન-ધનથી સદાય તત્પર રહેતા. સદ્‌ગતના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

અમદાવાદના આપણી જ્ઞાતિના અગ્રણી કાર્યકર **શ્રી રમેશભાઈ ડી. મહીચા**ના દુઃખદ અવસાનની, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ તથા જ્ઞાતિસેતુ પરિવાર સખેદ નોંધ લે છે. સદ્‌ગત રમેશભાઈ આપણી અમદાવાદ જ્ઞાતિ મંડળ કારોબારી સમિતિના સક્રિય સદસ્ય હતા. સદ્‌ગતના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

*મનુભાઈ કોટડિયા - પ્રમુખશ્રી*

## શ્રી મારૂ કંસારા સોની મહિલા સત્સંગ મંડળ - ભુજ



મહિલા મંડળે ગંગા દશેરા તથા ગાયત્રી જયંતીના સંયુક્ત દિવસે "મહાદીપયજ્ઞ"નું નવતર આયોજન કર્યું હતું.

જેમાં ગાયત્રી શક્તિપીઠના સભ્યોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેમના દ્વારા માં ગાયત્રીની ઉપાસના તેમજ આરાધના તેમજ પૂજાપાઠ કરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ મહાદીપયજ્ઞનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું. સભ્ય બહેનોએ ૧૦૦થી વધુ દીવડાઓ પ્રગટાવીને સુંદર દશ્ય સર્જ્યું હતું.

આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે માલતીબેન ગુજરાતી, કુ. વીની ગુજરાતી, નલીનીબેન બુધ્ધભટ્ટીનો વિશેષ ફાળો રહ્યો હતો.

ત્યારબાદ ૐ ભૂર્ભુવઃ સ્વ મંત્રના ૨૪ અક્ષરોનો મર્મ તથા ભાવ મીતા એન. સોલંકીએ સમજાવ્યો હતો. જેમાં ગીતા જે. પોમલ તથા દયાબેન સોલંકીનો સહયોગ મળ્યો હતો. સત્સંગ મંડળના સભ્યો જીજ્ઞાબેન સોલંકી, કવિતાબેન સોલંકી, રેખાબેન હેડાઉ, જ્યોત્સના બેન વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી. ચનાણી પરિવાર તરફથી પ્રસાદ ભેટ આપવામાં આવી હતી તેમજ આભારવિધિ નીલાબેન પોમલે કરી હતી. જ્ઞાતિની ૧૦૦થી વધુ બહેનોએ ભાગ લઈ ઉત્સાહપૂર્વક આ પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો.

*મીતા એન. સોલંકી*

---

**મહામંડળની મહેક**

# અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ "મહિલા સેલ"

## ક્રાફ્ટ મેળો

શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના નેજા હેઠળ "મહિલા સેલ" દ્વારા આગામી દિવસોમાં "ક્રાફ્ટ મેળા"ના આયોજન માટે તા. ૨૭-૬-૧૦ના રોજ ભુજમાં મહિલા સેલના સભ્યો, મહિલા મંડળના હોદ્દેદારો અને સભ્યો સાથે ચર્ચા વિચારણા કરવા માટે મિટીંગનું આયોજન કરવામાં આવેલ.

ક્રાફ્ટ મેળાના આયોજનનો હેતુ જણાવતા લતાબહેન સોલંકીએ જણાવ્યું હતું કે આપણા જ્ઞાતિના ભાઈ-બહેનોમાં રહેલ ભાતીગળ કલા કારીગરીને સમાજ સમક્ષ લાવવી, તેઓમાં રહેલી અદ્‌ભુત કલાને પ્રોત્સાહિત કરવી અને તેના થકી રોજગારી મેળવી પગભર થવું.

ભુજ, અંજાર, નખત્રાણા, માંડવી, ગઢશીશા, કોઠારા અને રાજકોટ જેવા દૂરના વિસ્તારોમાંથી મહિલા મંડળ અને મહિલા સેલની લગભગ પાંત્રીસ બહેનોએ આ ચર્ચામાં ભાગ લીધો હતો અને અનેક પાસાઓની છણાવટ કરી 'ક્રાફ્ટ મેળા'ની વાતને વધાવી લીધી હતી.

શ્રી અ.ભા.મા.કં.સો. જ્ઞાતિ મહામંડળના પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતીએ મિટીંગમાં હાજર રહી હુંફાળું પ્રોત્સાહન પૂરૂં પાડ્યું હતું. સાથે મહામંડળના ખજાનચીશ્રી ચંદ્રકાંત જે. ચનાણી અને સામાજીક સમિતિના કન્વીનર ઈંદુભાઈ સોલંકીએ ચર્ચામાં ભાગ લઈ ઉપયોગી સૂચનો કર્યા હતા.

મિટીંગમાં ચર્ચા વિચારણા બાદ નક્કી કરનામાં આવ્યું કે ક્રાફ્ટ મેળાનું આયોજન ભુજમાં સમૂહ લગ્ન વખતે કરવામાં આવશે. ચંદ્રકાંતભાઈ જે. ચનાણીની સમૂહ લગ્ન વખતે જગ્યા ફાળવવાની વાતને સહુએ તાળીઓથી વધાવી લીધી હતી. પ્રભુદાસભાઈએ સંપૂર્ણ સાથ સહકારની ખાતરી આપી હતી.

'ક્રાફ્ટ મેળા' સમિતિની રચના કરવામાં આવી હતી. જે આગામી દિવસોમાં ક્રાફ્ટ મેળાની ચર્ચા કરી નિયમો જાહેર કરશે.

*લતાબેન આઈ. સોલંકી*

---

## રજત જયંતિ સમૂહ લગ્નોત્સવ

**તારીખ : ૧૪ ડિસેમ્બર, ૨૦૧૦**

*શ્રી ભુજ મારૂ કંસારા સોની ટ્રસ્ટ જણાવે છે કે એમનો આગામી સમૂહ લગ્ન કાર્યક્રમ 'રજત જયંતિ લગ્નોત્સવ' રૂપે ભવ્યતાથી ઉજવવાનું આયોજન છે. આ ભવ્ય લગ્નોત્સવ, ભુજમાં દિનાંક ૧૪ ડિસેમ્બર, ૨૦૧૦ (માગશર સુદ અષ્ટમી)ના રોજ નિર્ધારીત છે.*

*આ 'સમૂહ લગ્નોત્સવ'માં ભાગ લેવા ઈચ્છુક જ્ઞાતિ-પરિવારોને ભુજ - જ્ઞાતિ ટ્રસ્ટના ભુજ કાર્યાલયનો વહેલી તકે સંપર્ક કરવો.*

## શ્રી મારૂ કંસારા સોની મહિલા સત્સંગ મંડળ - ભુજ

કેટલાંક વખત પહેલાં એક વિચાર આવ્યો કે, ભુજ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ, યુવક મંડળ અને મહિલા મંડળ દ્વારા ચાલતી અનેકવિધ પ્રવૃત્તિ ઉપરાંત કાંઇક ધાર્મિક પ્રવૃત્તિ નિયમિત રીતે થાય તેવું કરવું જોઇએ. આ વિચારને મૂર્ત સ્વરૂપ ૨૦૦૭માં મૂખ્ય સ્થાપક ભાવનાબહેન, નીલાબહેન અને અન્ય બહેનો દ્વારા અપાયો અને એ રીતે ૨૦૦૭ની સાલથી આ સત્સંગ મંડળની સ્થાપના થઇ.

આ મંડળ દર અગિયારસના દિવસે જ્ઞાતિનાં કોઇપણ એક બહેનનાં ઘેર ભજનનો કાર્યક્રમ રાખે છે અને અત્યાર સુધી એવા ૪૦ ઘરોમાં ભજન સત્સંગ કાર્યક્રમ યોજાયેલ છે.

આ ઉપરાંત દર વર્ષે ચૈત્રી નવરાત્રિનાં દિવસોમાં મહાકાલી માતાજીનાં મંદિરમાં સાંજે ૫.૩૦થી ૭.૩૦ દરમ્યાન રાસ ગરબાનો કાર્યક્રમ યોજાય છે. આવા ૩ ત્રણ ચૈત્રી નવરાત્રિનાં કાર્યક્રમો આ સત્સંગ મંડળ તરફથી યોજવામાં આવેલ છે.

આવા કાર્યક્રમો દરમ્યાન આરતી અને ભેટ થાળી ફેરવતાં અત્યાર સુધી રૂા. ૩૦,૦૦૦ ત્રીસ હજારની આવક થયેલ. આ આવકમાંથી થયેલ ખર્ચ પછીની બચત રકમ બેંકમાં જમા કરવામાં આવેલ છે. ભવિષ્યમાં પર્યાપ્ત રકમ જમા થયેથી એક સમૂહ ભાગવત કથા કરાવવાનું નક્કી કરવામાં આવેલ છે.

આ સત્સંગ મંડળનાં કાર્યક્રમને જ્ઞાતિ તરફથી બહોળો પ્રતિસાદ મળેલ છે. અને સત્સંગ કાર્યક્રમોમાં પુષ્કળ પ્રમાણમાં બહેનો હાજરી આપે છે.

નીચે મુજબનાં બહેનો નિયમિત રીતે કાર્યકર તરીકે સેવાઓ આપે છે.

નીલાબહેન પોમલ, ભાવનાબહેન સોની (ચનાણી), જયેષ્ટાબહેન સોની, ગીતાબહેન પોમલ, મીતાબહેન સોની, દિપ્તીબહેન સોની, ગીતાબહેન મૈચા, દયાબહેન સોલંકી, જીજ્ઞાબહેન સોલંકી, કવિતાબહેન સોલંકી, નયનાબહેન ચનાણી, મીતાબહેન હેડાઉ, રેખાબહેન હેડાઉ, જયોત્સનાબહેન કટ્ટા, માલતીબહેન ગુજરાતી.

આ બધા સક્રિય કાર્યકરો અને અન્ય આપણી જ્ઞાતિનાં બહેનોનાં સહકાર અને સહભાગથી આ સત્સંગ મંડળ ઉત્તરોત્તર પ્રગતિ અને પ્રવૃત્તિ કરતું રહ્યું છે.

***નીલા એમ. પોમલ, ભાવના એ. સોની***

## જ્ઞાતિ મહિલા મંડળ તથા બહેનોની જરૂરિયાત

આમ જોવા જઈએ તો મહિલાઓનું સંગઠન એ કોઈકને ઉપયોગી લાગતું હોય છે તો કોઈકને લાગતું હોય છે ટાઈમ પાસ અને કોઈકને એનાથી પણ આગળ...

મહિલાઓનું સંગઠન સામાન્ય નજરે ઉપયોગી ઓછું દેખાતું હોય તે જ્ઞાતિનું સંચાલન કરી નથી શકતું કે ન તો મોટા આયોજન કરી શકતું. છતાં પણ એમની ઉપયોગીતા સહેજેય ઓછી અંકાતી નથી. સ્ત્રી, એ શક્તિ છે. કોઈપણ કાર્યમાં નારી શક્તિ ન હોય તો એ કાર્ય આગળ નથી વધી શકતું.

બીજું કોઈકની નજરે માત્ર ટાઈમપાસ છે. જો કે હકારાત્મક વિચારથી વિચારીએ તો ખોટું પણ નથી. આજકાલ ટાઈમપાસ માટે ખર્ચ કરીને પણ આપણે મનોરંજન મેળવીએ છીએ. તે પણ થોડીવાર પૂરતું જ. ફરી હતા ત્યાં ને ત્યાં જ. ફાજલ સમયનો ઉપયોગ કરી ઘણી બહેનોએ નાની મોટી સિધ્ધિ પણ પ્રાપ્ત કરી હોય છે. પણ એ દરેક માટે શખ્ય નથી. સામાન્ય મહિલા માટે તો મહિલા સંગઠન જેને આપણે મહિલા મંડળ કહેતા હોઈએ છીએ તેમાં જોડાવું, એ તનાવથી દૂર રહેવાનો એક માધ્યમ છે.

આગળથી ચાલ્યું આવે છે કૂવા કાંઠે ભરવા જતી બહેનો અથવા ફળીયામાં સખીવૃંદ ભેગી થઈને સુખ-દુઃખની વાતો કરતી. આપણે તેને ઓટલા પરિષદ કહેતા. આજના આધુનિક માનસશાસ્ત્રીઓ તેને ગ્રુપ થેરાપી કહે છે. ખાસ કરીને મહિલા સંગઠન કે મહિલા મંડળ અથવા તો ગ્રુપ થેરાપી જે પણ કહીએ તેના ફાયદાઓ ઘણા છે. સૌપ્રથમ તમારા મનની લાગણીને સમજી શકે તેવી વ્યક્તિ સાથે શૅર કરી શકો છો. બીજું એ કે તમને અહેસાસ કરાવે છે કે તમે એકલા નથી. એ રીતે જીવન જીવવાનું બળ પૂરૂં પાડે છે અને ખાસ કરીને જીવનમાં મુશ્કેલી આવે છે ત્યારે તેની ખાસ જરૂરત રહે છે.

આજનો આપણો સમય તનાવપૂર્ણ છે. ગૃહિણીઓને પણ જુદા જુદા સ્ટ્રેસ હોય છે. આજે ગૃહિણીઓ જાગૃત બની ગઈ છે. એક્સરસાઈઝ તથા યોગા થાય છે તો પછી માનસિક સ્ટ્રેસ લેવલ કેમ ઓછું થતું નથી? એનું તારણ એ આવે છે કે આંતરીક મન શાંત નથી થતું. દરેક પાસે પૂરતા પ્રમાણમાં ભૌતિક સુખ સગવડો છે પણ તે માનવ લાગણીઓના શૂન્યાવકાશ પૂરી શકતા નથી. મહિલાઓ એકબીજાના સંપર્ક અને સંગઠન દ્વારા જ મનના તનાવો દૂર કરી શકે છે અને આત્મવિશ્વાસ વધારી શકે છે. ગ્રુપમાં રહેવાથી બાળકોમાં પણ સમૂહ જીવનનો ગુણ આપોઆપ વિકસે છે અને તે નાનપણથી જ. તેને એકલતા નથી લાગતી અને આત્મવિશ્વાસ વધે છે.

આજનો સમય જુના સમય કરતા ઝડપી અને વિપરીત છે. દરેકની જીંદગી ખૂબ બિઝી શીડ્યુલવાળી થઈ ગઈ છે. છતાં પણ સમય કાઢીને મહિલા સંગઠન કે ગ્રુપ સાથે જોડાવું જોઈએ. આપણી જ્ઞાતિનું જ મહિલા મંડળ હોય તો તેમાં શત પ્રતિશત સહકાર આપી મંડળને વધારે કાર્યરત કરીએ. મહિલા મંડળના નાના મોટા કાર્યક્રમો હોય તેમાં આપણે તથા બાળકોને ખુલ્લા દિલે જોડીએ. તેનાથી દરેકને ફાયદો થશે.

***અંજના એન. પોમલ - અંજાર***

# અંજાર જ્ઞાતિ મહિલા મંડળ

**અંજના પોમલ - અંજાર**

## પુરૂષોત્તમ માસની ઉજવણી



*નારાયણ ગરૂડ વાહન અબ્બજ નામિ*
*છો નાથ પૂર્ણ પુરૂષોત્તમ સર્વવ્યાપી*
*છે આશા સ્વામી ધરજે દીનદાસ સેવા*
*અહર્નિશ ઈશ જગદીશ નમામિ દેવા*
*ॐ નમો ભગવતે વાસુદેવાય નમઃ ।*

પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિત્તે તા. ૧૫-૪થી ભગવદ્ લીલા કથામૃતનું શ્રવણ પૂ. ગોરબાપાએ નયા અંજાર, શ્રી માનકેશ્વર મહાદેવ મંદિરે તથા હંગામી આવાસ મધ્યે કરાવ્યું. કથા સમાપનના આખરે અમાસના તા. ૧૩-૫ના પૂ. ગોરબાપાનું સામૈયું કરવામાં આવ્યું. શ્રી માનકેશ્વર મહાદેવ મંદિરથી પ્રસ્થાન કરીને શ્રી કાલીકા મંદિરે સમાપન થયું. પૂ. ગોરબાપાને પહેરામણી આપી આશીર્વચન લઈને.

પુરૂષોત્તમ માસની વ્રતવિધિ એ પ્રભુનો પ્રેમ ઝીલવાનું પાત્ર છે અને તે બહેનો દ્વારા સામૂહિક કરવાથી તેનું અધિક ફળ પ્રાપ્ત થાય છે. આથી એક શુભ સંકેત લઈને મહિલા મંડળની બહેનોએ શ્રી કાલીકા માતાજી મંદિર મધ્યે સુદ એકાદશીના અનાજનો મંડપ ભર્યો હતો. મંડપની પૂજા કુ. દેવેનભાઈ ગોરે કરાવી હતી. શ્રીમતી દયાબેન હિંમતભાઈ ગુજરાતી યજમાનપદે રહ્યા હતા. મંદિર મધ્યે પૂ. ગોરબાપાનો પરિવાર તથા જ્ઞાતિ બાવાજીના પરિવારને જમાડી યથાશક્તિ દાન દક્ષીણા આપી હતી અને મહિલા મંડળની બહેનોએ પણ ત્યાંજ પ્રસાદી લેવાનું આયોજન રાખ્યું હતું. જેમાં મંડળની ચાર-પાંચ બહેનોએ ઘરે રસોઈ બનાવી અને મંદિરમાં સાથે પ્રસાદી લીધી હતી. ત્યારબાદ સાંજે જ્ઞાતિ બહેનો માટે ભજન સત્સંગ તથા વિષ્ણુ સહસ્રના નામ પારાયણ સાથે તુલસીહલ ચડાવી પૂજા કરી હતી. ત્યારબાદ મહા આરતીનો કાર્યક્રમ રાખ્યો હતો અને સાંજે પ્રસાદી તથા ફળાહાર લઈ કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.

તા. ૨૮-૪ના પૂનમના સત્ય નારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. કથામાં શ્રીમતી દક્ષાબેન વીરેનભાઈ સાકરીયા પૂજામાં બેઠા હતા. જ્ઞાતિ બહેનોએ કથા શ્રવણનો લાભ લીધો હતો.

પુરૂષોત્તમ માસમાં કથા શ્રવણ,દાન અને ભજન સત્સંગનો મહિમા અનેરો! સત્સંગમાં પણ ક્યારેક નાવિન્યતા આવવાથી વિશેષ આનંદ ઉપજે! આવી નાવીન્યતા લાવવા મંડળે રજૂ કર્યું ભજન અંતાક્ષરી કાર્યક્રમ. તેમાં ત્રણ ગ્રુપ રાખવામાં આવ્યા હતા. એક ગ્રુપમાં ટારની સંખ્યા હતી. રાધિકા ગ્રુપ, વૃંદા ગ્રુપ અને ગોપી ગ્રુપ એમ ત્રણ ગ્રુપ રાખવામાં આવ્યા હતા. અંતાક્ષરીના અલગ અલગ પાંચ રાઉન્ડ રાખ્યા હતા. અંતાક્ષરી રાઉન્ડ, શબ્દ રાઉન્ડ, સ્તોત્ર રાઉન્ડ, બઝર રાઉન્ડ તથા ભક્તિ પ્રશ્નોત્તરી રાઉન્ડ રાખ્યા હતા. પ્રથમ વિજેતા રાધિકા ગ્રુપ રહ્યું. તેમાં સુશીલાબેન સાકરીયા, તરૂણાબેન બુધ્ધભટ્ટી, ગીતાબેન બુધ્ધભટ્ટી તથા દક્ષાબેન સાકરીયા રહ્યા હતા. દ્વિતીય વિજેતા વૃંદા ગ્રુપ રહ્યું હતું. જેમાં જયાબેન બુધ્ધભટ્ટી, કાશીબેન પોમલ, ઈલાબેન છત્રાળા તથા દીપ્તિબેન સોની રહ્યા હતા. તૃતીય વિજેતા ગોપી ગ્રુપ રહ્યા હતા. જેમાં શાંતાબેન બારમેડા, હંસાબેન બારમેડા, કુસુમબેન સાકરીયા તથા ગૌરીબેન બારમેડા રહ્યા હતા. દરેક સ્પર્ધકને મંડળ તરફથી મોમેન્ટો આપવામાં આવ્યા હતા. તદુપરાંત સ્પર્ધા દરમ્યાન ઉપસ્થિત બહેનોમાંથી જે તે ગ્રુપને ભજન ગાઈ સહયોગ આપનાર બહેનોને પણ બિરદાવવામાં આવ્યા હતા. ભજન અંતાક્ષરી રાઉન્ડ પૂરો કર્યા પછી નંદ મહોત્સવ મનાવાયો હતો. જ્ઞાતિની બહેનોએ હાજરી આપી કાર્યક્રમને દીપાવ્યો હતો. અતિથિ વિશેષ તરીકે ડૉ. મીરાબેન ઠક્કર, આર્ટ ઓફ લીવિંગના ટીચર ભાવિનીબેન પંડ્યા તથા ભુજથી નીલાબેન પોમલ અને મીતાબેન સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન જ્ઞાતિ બહેનોએ ડો. મીરાબેન ઠક્કર અને ભાવિનીબેન પંડ્યા પાસેથી 'આર્ટ ઓફ લીવિંગ'નું માર્ગદર્શન પણ મેળવ્યું હતું.

## અંજાર જ્ઞાતિ - સ્વઉત્કર્ષ મહિલા મંડળ

વર્તમાન પેઢી જ્યારે પશ્ચિમી સંસ્કૃતિનું આંધળુ અનુકરણ કરી ભૌતિકતાને સાચું સુખ માની રહી છે ત્યારે સાચું સુખ કે શાંતિ ભૌતિકતામાં નહીં પરંતુ ઈશ્વરના સ્મરણમાં રહેલ છે તેની પ્રતીતિ કરાવતો એક નાનો પરંતુ નવતર અને સુંદર ગરબા-ભજન અંતાક્ષરીનો કાર્યક્રમ અંજાર સ્વ-ઉત્કર્ષ મહિલા મંડળ દ્વારા યોજવામાં આવેલ. જેમાં બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈ વાતાવરણને ભક્તિમય બનાવી દીધેલ.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કરનાર તથા ભાગ લેનાર તમામ બહેનોને પ્રોત્સાહિત ઈનામ આપનાર અંજનાબેન પોમલ, સંચાલિકા પિન્કીબેન કટ્ટા, મંડળના પ્રમુખ શાંતાબેન બારમેડા તથા આયોજનમાં સહભાગી થનાર પ્રવીણાબેન બુધ્ધભટ્ટી અને દિવ્યાબેન બુધ્ધભટ્ટીને ખૂબ ખૂબ અભિનંદન

***દિપ્તી પી. ગુજરાતી - ભુજ***

# મારૂ કંસારા સોની જ્ઞાતિ સમાજ, માંડવી

## વાર્ષિક અહેવાલ

તા. ૧-૩-૧૦ને સોમવારના શ્રી માંડવી-કચ્છ જ્ઞાતિની જનરલ સભા શ્રી કાલીકા માતાજીના મંદિરમાં રાત્રે ૯ કલાકે મળેલ જેમાં વર્ષ ૨૦૦૯-૧૦ના વાર્ષિક હિસાબોની રજુઆત કરવામાં આવેલ. જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. ઉપસ્થિત જ્ઞાતિજનોની હાજરીમાં હાલની કારોબારીના કાર્યકાળને ૪ (ચાર) વર્ષ સફળતા પૂર્વક પૂર્ણ થયેલ હોઇ નવી કારોબારીની રચના જરૂરી જણાતા સર્વે જ્ઞાતિજનોના નિર્ણયને ધ્યાન આપી નૂતન પ્રમુખની પસંદગી શ્રી સુરેશભાઇ પ્રાગજી સોલંકી કરવામાં આવી અને નવા પ્રમુખ દ્વારા અન્ય હોદ્દેદારો તથા કારોબારીના સભ્યોના નામો જાહેર કરવામાં આવ્યા. નવા વરાયેલા પ્રમુખશ્રીએ પદ ગ્રહણ કર્યા બાદ સમસ્ત જ્ઞાતિજનોનો આભાર માન્યો અને આગામી વર્ષમાં કારોબારીના હોદ્દેદારો તથા સભ્યશ્રીના સાથ સહકારથી માંડવી જ્ઞાતિને સમાજના દરેક ક્ષેત્રમાં અગ્રસ્થાને સ્થાપિત કરવા પ્રયત્ન કરશે એવું કહ્યું.


### નવી કારોબારીનું ગઠન હોદ્દેદારો


| | |
|---|---|
| પ્રમુખ | શ્રી સુરેશભાઇ પ્રાગજી સોલંકી |
| ઉપપ્રમુખ | શ્રી સંજયભાઇ મનસુખલાલ બુધ્ધભટ્ટી |
| ઉપપ્રમુખ | શ્રી ચંદુલાલ વાલજી બીજલાણી |
| મંત્રી | શ્રી રમેશભાઇ વાલજી બીજલાણી |
| સહમંત્રી | શ્રી હરેશભાઇ નેણશી બારમેડા |
| ખજાનચી | શ્રી વિનોદ વલ્લભદાસ હેડાઉ |
| સહ ખજાનચી | શ્રી પ્રવીણભાઇ લક્ષ્મીદાસ સોલંકી |
| કા. સભ્ય | શ્રી રાજેશભાઇ ધનજી બુધ્ધભટ્ટી |
| કા. સભ્ય | શ્રી આનંદભાઇ જેઠાલાલ બુધ્ધભટ્ટી |
| કા. સભ્ય | શ્રી વેલજીભાઇ દેવજી પોમલ |

*રમેશભાઇ વાલજી બીજલાણી - મંત્રી*


**સુરેશભાઇ સોલંકી**
**પ્રમુખ**


**સંજયભાઇ બુધ્ધભટ્ટી**
**ઉપપ્રમુખ**


**ચંદુલાલ બીજલાણી**
**ઉપપ્રમુખ**


**રમેશભાઇ બીજલાણી**
**મંત્રી**


**વિનોદભાઇ હેડાઉ**
**ખજાનચી**


**હરેશભાઇ બારમેડા**
**સહમંત્રી**


**પ્રવીણભાઇ સોલંકી**
**સહ ખજાનચી**

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ કાલીકા મહિલા મંડળ - માંડવી

આનંદ મેળાનું નામ સાંભળતા જ મનમાં અવનવા આનંદના તરંગ ઉત્પન્ન થાય છે. જેમાં સર્વે સાથે મળીને એકબીજાનું મનોરંજન કરીએ છીએ. તાજેતરમાં માંડવીમાં યોજાયેલ આનંદ મેળામાં માંડવીની કાલીકા મંડળની બહેનોએ ભાગ લીધો હતો જેમાં સર્વે મહિલા મંડળ સમક્ષ અવનવી વાનગીઓ રજૂ કરી કાલિકા મહિલા મંડળનું સ્થાન મોખરે રહ્યું હતું.

મંડળના પ્રમુખ શ્રીમતી અનીસાબેન બુધ્ધભટ્ટી સહિત શ્રીમતિ સાવિત્રીબેને મુખ્ય કામગીરી બજાવી હતી. તે ઉપરાંત શ્રીમતિ ભાવનાબેન, અરૂણાબેન, કુસુમબેન મંગળાબેન, રંજનબેન હેમલતાબેન, વીણાબેન, દયાબેન — આ તમામ બહેનોએ પૂરેપૂરો સાથ સહકાર આપ્યો હતો. અંતે એકબીજાનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમનો આનંદ માણ્યો હતો.




*કાલીકા મહિલા મંડળની નવી સમિતિના હોદ્દેદારોની વરણી નીચે મુજબ છે.*


**અનિસાબેન બુધ્ધભટ્ટી**
**પ્રમુખ**


**જીજ્ઞાબેન બુધ્ધભટ્ટી**
**ઉપ પ્રમુખ**


**અરૂણાબેન બીજલાણી**
**મંત્રી**


**વીણાબેન કોટડિયા**
**સહમંત્રી**


**દયાબેન બુધ્ધભટ્ટી**
**ખજાનચી**

સંકલીત

# સોના જેવી જ મૂલ્યવાન માહિતીનું માઇલસ્ટોન

## અંજારમાં સોના-ચાંદી બુલિયન એસો. દ્વારા સુવેનિયર પ્રકાશિત કરાયું

અહીંના સોના-ચાંદીના બુલિયન એસોસિયેશન દ્વારા 'સ્વર્ણસૃષ્ટિ' સુવેનિયરનું વિમોચન કરાયું હતું.

સંસ્થાના પ્રમુખ કમલ વી. સોની, ખજાનચી ભાવેશ એમ. સોની, સહમંત્રી નવીન એમ. સોની દ્વારા દીપ પ્રાગટ્ય કરાયું હતું. અધ્યક્ષ સ્થાને સંસ્થાના વડીલ મોહનલાલ શામજી અને શામજીભાઇ ગાંગજીના હસ્તે વિમોચન કરાયું હતું. જેનું સમગ્ર કચ્છમાંથી આમંત્રિત વેપારી ભાઇઓએ સ્વાગત કર્યું હતું.

ભુજ બુલિ. અગ્રણી મિતેશભાઇએ જણાવ્યું કે, સુવેનિયરમાં આપેલ કાયદાકીય માહિતી વેપારી ભાઇઓ માટે ઉપયોગી બનશે. નખત્રાણા બુલિ. પ્રમુખ હીરાલાલભાઇએ અંજાર બુલિ.ના પ્રયાસોને બિરદાવ્યા હતા. ગાંધીધામ બુલિ. પ્રમુખ મનસુખભાઇએ વક્તવ્યમાં જિલ્લા સ્તરે સંગઠનની રચના માટે હાકલ કરી હતી. નગરપતિ વસંતભાઇએ વર્તમાન સમયમાં મજબૂત વ્યાપારી સંગઠનની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

આ પ્રસંગે હોલમાર્ક ગોલ્ડ ૯૧૬ના ભાવની વિસંગતતા પ્રવર્તતી હોવાનો આક્ષેપ કરાયો હતો. વ્યવસ્થા મંત્રી ફોરમભાઇ, ઉપપ્રમુખ અરૂણભાઇ અને સભ્યોએ સંભાળી હતી. મહેમાનો અને અંજારના પ્રતિષ્ઠિત વેપારીઓનું સ્વાગત કરાયું હતું. સંગીત સંધ્યાનું આયોજન કરાયું હતું. સંચાલન વિનોદભાઇએ અને આભારવિધિ ધર્મેન્દ્ર વી. સોનીએ કરી હતી.

*સૌ. 'કચ્છ મિત્ર'*

## સ્વર્ણ સૃષ્ટિ સોવેનીયર

બુલીયન એસોસિએશનની સલાહકાર સમિતિના કન્વીનર શ્રી હરીભાઇ એલ. સોની એમના પ્રાકકથનની પ્રથમ લાઇનમાં જ અંજાર બુલિયન એસો.નું આ પહેલું સુવેનીયર અંજાર બુલીયન માટે એક માઇલ સ્ટોન છે. આ સુવેનીયરના રચયીતા શ્રી કમલ વી. સોની, અંજાર બુલીયન મરચન્ટ એસો.ના પ્રમુખ, કહે છે કે જેની પાસે આગવું સાહિત્ય નથી, તેની પાસે ધબકતું માનવ જીવન નથી અને સાહિત્ય એને જ કહેવાય જેમાંથી વાંચક વર્ગને કંઇક ઉપયોગી માહિતી મળે.

બુલિયન એસોસિએશનના મંત્રીશ્રી ફોરમ કહે છે કે આ સુવેનિયરમાં મુખ્યત્વે, ઇન્કમટેક્સ, સેલ્સટેક્સ, વિમા પોલીસી, બેંકીંગ કાયદાઓ અને સોનાને લગતા જુના ઇતિહાસને અને હાલના યુગની સોનાના હોલમાર્કની જરૂરીયાતને જોતાં હોલમાર્ક કાયદાની જાણકારીનો સમાવેશ કરવામાં આવ્યો છે. એસો.ના ઉપપ્રમુખ શ્રી અરૂણ પુરૂષોત્તમ, સહમંત્રી શ્રી નવીનચંદ્ર મગનલાલ તેમજ સલાહકાર સમિતિના સભ્યશ્રીઓ, દિલીપ નારણજી પાટડીયા, વ્રજલાલ જીવરામ ઝીંઝુવાડીયા, નટવરલાલ મોહનલાલ સોની, શિવલાલ શામજીભાઇ સોની (વલાડીયાવાળા) અને છગનલાલ નારણદાસ સોનીએ પણ સોવેનીયરને માહિતીસભર બનાવવા અંગેની એમની લાગણી વ્યક્ત કરી હતી.

ખરેખર આ સોવેનિયરમાં સમાવિષ્ટ માહિતી સોના-ચાંદીના વ્યવસાય સાથે સંકળાયેલા લોકો ઉપરાંત- માનવ વ્યવહાર માટે ઉપયોગી રોજબરોજની આવશ્યક માહિતી જે આપણી પાસે હાથવગી હોતી નથી, તે બધી માહિતીનો આમાં સમાવેશ થયો છે. જેમકે અંજારમાં સોના ચાંદીની ૯૨ પેઢીઓનાં પૂરા નામ સરનામાં, ૬૦ લીસ્ટેડ કારીગરોનાં નામ સરનામાં સાથે કોણ કયા પ્રકારનું કામ કરે છે તેની માહિતી, શ્રી હરીભાઇનો 'સુવર્ણ કલા લેખ' આજની બિઝનેશ-આવશ્યકતાઓ, ભારતમાં સોના ચાંદીની, આયાત નિકાસની વિગતો તેમજ કલા/કસબ/ કારીગરીને લગતી અદ્યતન તાલીમ વ્યવસ્થા અંગેની માહિતી છે. પ્રમુખશ્રીના સંદેશ ઉપરાંત સ્વાસ્થ્ય, વેટ તેમજ અન્ય ટેક્સેશન અંગેની સર્વગ્રાહી માહિતીનો સમાવેશ છે.

આપણા પરંપરાગત વ્યવસાયનું SWOT વિશ્લેષણ અને હૉલમાર્કની વિગતો તેમજ આમ સમાજ ઉપયોગી વિગતોમાં અંજાર, ગાંધીધામ, અમદાવાદ અને ગુજરાત તેમજ ભારતની સામાન્ય માહિતી, વિહારધામો, પ્રવાસધામો, ધાર્મિક સ્થળો, શિક્ષણ સંસ્થાઓ માનવ અધિકારો, ભારતીય બંધારણ અને ભારતીય દંડ વિધાન, ભારતના જાહેર વ્યાપારી સાહસો, બેન્કિંગ પધ્ધતિ તેમજ બીજી અનેક રસપ્રદ માહિતીનો આ સોવેનિયરમાં સમાવેશ છે. સોવેનિયર એના ખરા અર્થમાં, અંજાર બુલિયન મર્ચન્ટ એસોસિયેશનનું સોના-ચાંદીના વ્યવસાય સાથે સંકળાયેલા ઉદ્યમીઓ કારીગરો સહૂ માટે સાચવવા જેવું નજરાણું છે. આવું સુંદર સંકલન પ્રકાશીત કરવા બદલ એસો.ને જ્ઞાતિસેતુના હાર્દિક અભિનંદન.

***સૌજન્ય : એસોસિએશન દ્વારા પ્રકાશિત સુવેનીયરમાંથી સંકલિત સામગ્રી સાભાર***

પ્રથમ એક્ઝીબીશનની અભૂતપૂર્વ સફળતા બાદ

# ગુજરાતનું નં. ૧ જ્વેલરી એક્ઝીબીશન

# Gujarat Jewellery Show-2011

GUJARAT JEWELLERY SHOW GJS The Trend of Trade

તારીખ **૨૧-૨૨-૨૩** જાન્યુઆરી ૨૦૧૧

SPONSOR

M.I.SONI
AN EXQUISITE JEWELLERY
MAHESHBHAI I. SONI JEWELLERS

DIRECTORY SPONSOR
Sanjaykumar Manubhai Soni

**સ્થળ**

ગુજરાત યુનિવર્સીટી એક્ઝીબીશન હોલ, હેલ્મેટ સર્કલ પાસે,
૧૩૨ રીંગ રોડ, અમદાવાદ, ગુજરાત.

**પ્રદર્શન સમય : સવારે ૧૦ થી સાંજે ૬**

પિયુષ આચાર્ય : ૯૯૨૫૪ ૦૪૦૫૨ જીજ્ઞેશ પાટડીયા : ૯૨૨૭૮ ૨૮૬૦૨

સોનાના ભાવના ફ્રી SMS માટે સંપર્ક કરો : ૯૨૭૪૩ ૬૦૫૮૨
ટીકીટ માટે ઈન્કવાયરી : ૯૨૭૪૩ ૬૦૫૮૨
ડીરેક્ટરી એડવર્ડટાઈઝ માટે ઈન્કવાયરી : ૯૯૨૪૨ ૨૨૫૨૪

LOG ON TO
www.indianjewellerydirectory.com

e-mail : gjsevent@gmail.com

# ગુજરાતનું નં. ૧ જ્વેલરી એક્ઝીબીશન

# Gujarat Jewellery Show-2011

GJS GUJARAT JEWELLERY SHOW
The Trend of Trade

તારીખ **૨૧-૨૨-૨૩** જાન્યુઆરી ૨૦૧૧

## એક્ઝીબીશન હાઈલાઈટ

- ગુજરાત તથા અન્ય રાજ્યોના હોલસેલર્સ નો ભવ્ય જવેલરી શો.
- તમામ પ્રકારની જવેલરીના હોલસેલર્સ હવે GJS માં.
- ગુજરાતનું અત્યાર સુધીનું સૌથી મોટું B2B જવેલરી એક્ઝીબીશન.
- ૧૮૦ થી વધારે ભવ્ય સ્ટોલ્સ.
- ગુજરાતનો સૌથી મોટો એક્ઝીબીશન હોલ.
- ભારતના જવેલરી ઈન્ડસ્ટ્રીઝના મુખ્ય રાજ્યો જેવા કે ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, બંગાળના હોલસેલર્સ હવે GJS માં.
- આપની જરૂરીયાત મુજબની દરેક પ્રકારની જવેલરીનું સમાધાન.
- GJS દ્વારા નેશનલ લેવલે એડવર્ડટાઈઝમેન્ટ કેમ્પેઈન.
- કમુહર્તા પછી તુરંત એક્ઝીબીશન એટલે કે જવેલરી ખરીદ કરવા માટેનો ઉત્તમ સમય તથા ઉત્તમ સ્થળ.
- ભવ્ય ફેશન શો (ફક્ત આમંત્રિત મહેમાન માટે જ).
- સ્ટોલ હોલ્ડર્સ તથા વીઝીટર્સ વચ્ચે વ્યાપારીક સંબંધ સ્થાપવાની ઉત્તમ તક.
- પ્રથમ એક્ઝીબીશનના અનુભવ તથા આપના સહકાર બાદ ઉત્તમ જવેલરી એક્ઝીબીશનની આપને અનુભુતી કરાવવા માટે સક્ષમ ટીમવર્ક.

# આપણા પરંપરાગત વ્યવસાયનું SWOT વિશ્લેષણ

અતુલ સોની

આપણા દેશનું અર્થતંત્ર હાલમાં મજબૂત બની રહ્યું છે. વિદેશી રોકાણ તથા ઘરેલું ઉદ્યોગોના સાહસિક પગલાને લીધે દેશભરમાં તેજીનો માહોલ છે. શહેરોમાં સુપરમોલ બની રહ્યા છે. રીટેઈલ વેપાર માટે વિશ્વભરની કંપનીઓ ભારત તરફ નજર કરવા લાગી છે. આ સમયમાં આપણા સમાજના પરંપરાગત સોના ચાંદી તથા વાસણના વ્યવસાયોના સ્વરૂપ પણ બદલાઈ રહ્યા છે. એક તરફ હરીફાઈના યુગમાં પાછળ રહી જવાનો ભય છે, તો બીજી તરફ ક્ષિતિજ પર વિકાસની નવી તકો દેખાય છે. આ સંદર્ભે આપણા હાલના વ્યવસાયનું SWOT વિશ્લેષણ પ્રસ્તુત છે. મેનેજમેન્ટની દૃષ્ટિએ SWOT વિશ્લેષણમાં (૧) S - Strength (આપણી તાકાત), (૨) W - Weakness (આપણી મર્યાદાઓ), (૩) O – Opportunities (નવી તકો), (૪) T – Threat (પડકારો)ની વિચારણા જરૂરી બને છે.

### ૧. STRENGTH (આપણી તાકાત) :

સોના ચાંદી તથા વાસણના વ્યવસાયો આપણી પરંપરા છે. જેની ખૂબીઓ અને ખામીઓ વિશેનું જ્ઞાન ગળથુથીમાં મળે છે. આપણા સમાજના મોટાભાગના સભ્યો આ વ્યવસાયમાં હોવાથી પરસ્પર સંપર્કો મજબુત છે. જેના કારણે કચ્છ વિસ્તારમાં સોના ચાંદીના વેપારમાં આપણા સમાજની મજબુત પકડ છે.

આ વ્યવસાયમાં સૌથી મોટી મૂડી આપણી પેઢી દર પેઢી ગ્રાહકોના વિશ્વાસની છે. જેની સાથે આપણા કૌટુંબિક સંબંધો પણ વિકસ્યા છે. આ આપણી મોટી તાકાત છે. સોના ચાંદીના ઘરેણાની કારીગરીના સંદર્ભે વિચારીએ તો વિશ્વકર્મા દ્વારા અપાયેલા કલાના વરદાનથી સુંદર અને કલાત્મક ઘરેણા ઘડવામાં આપણા સમાજના કારીગરોના પ્રદાનની નોંધ ઈતિહાસમાં પણ લેવાયેલ છે.

### ૧. WEAKNESS (આપણી મર્યાદાઓ) :

વ્યવસાય ક્ષેત્રે આપણી આગવી તાકાત છે તેમ કેટલીક નબળાઈઓ પણ છે.

નવી ટેકનોલોજી પ્રત્યેની આપણી ઉદાસીનતા કદાચ સૌથી મોટી નબળાઈ છે. વિશ્વભરમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસ સાથે વ્યવસાયીક ઉત્પાદનની પદ્ધતિઓમાં ઝડપથી ફેરફાર આવી રહ્યા છે. વાસણ ક્ષેત્રમાં મોટાભાગની કામગીરી યાંત્રિક રીતે થાય છે. સોના ચાંદીના ક્ષેત્રમાં પણ બારીક કામગીરી મશીન પર થવા લાગી છે. ખૂબ નાજુક ઘરેણાઓ પણ કાસ્ટીંગની આધુનિક ટેકનોલોજીથી બની રહ્યા છે. આ સંદર્ભમાં આપણો સમાજ જોઈએ તેવી પ્રગતિ કરી શકેલ નથી તે હકીકત છે.

ઉદારીકરણના પગલે મોટી કંપનીઓ સોના ચાંદીના વ્યવસાયમાં આવી રહેલ છે. ભવિષ્યમાં બ્રાન્ડેડ જ્વેલરીના મોટા પાયે ઉત્પાદન કે માર્કેટીંગ ક્ષેત્રે આગળ વધવા શૈક્ષણિક – ખાસ કરીને અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ જરૂરી બનશે. આથી આપણા યુવાનોમાં શિક્ષણના અભાવની મર્યાદાને સમજવી જરૂરી છે.

કારીગર ક્ષેત્રે નવી ટેકનોલોજી શીખવા માટે વ્યવસાયીક તાલીમ જરૂરી બને છે. હાલમાં આપણા સમાજમાં પધ્ધતિસરના વ્યવસાયીક તાલીમ મેળવવા માટે ખાસ અભિરૂચિ દેખાતી નથી. કચ્છમાં તાલીમ કેન્દ્રોનો અભાવ છે તો ઘર છોડીને બહાર શીખવા જવાની તાલાવેલી પણ નથી. આ પણ એક મર્યાદા છે.

સમાજના યુવાનો પૈકી એક વર્ગ વ્યસનનો ભોગ બની રહેલ છે. જુગાર, દારૂ, સટ્ટા, જેવા દૂષણોથી યુવા ધન વેડફાય છે. તેનાથી વધારે મોટી ખોટ સમાજને કઈ હોઈ શકે?

### 3. OPPORTUNITIES (આવનારી તકો) :

જેમ્સ અને જ્વેલરી ઉદ્યોગ ઝડપથી પ્રગતિ કરી રહેલ છે. ભારતીય ઘરેણાની માંગ વિશ્વભરમાં ખૂબ વધી રહી છે. નિકાસ ક્ષેત્રે ઝડપથી વિકાસ થઈ રહેલ છે. ડાયમંડ ક્ષેત્રે ભારતનું યોગદાન ખૂબ મોટું છે. આપણા સમાજના વ્યવસાયીક સ્થાનિક ક્ષેત્રમાં વેપાર વધારવા મહેનત કરી રહેલ છે. ત્યારે ભવિષ્યમાં વૈશ્વિક ક્ષેત્રે પણ આગળ વધી શકે તેવી તકો છે. બીજું, આર્થિક વિકાસ વધતાં સોનામાં રોકાણ થવાની તકો વધી છે. જમીન તથા રીયલ એસ્ટેટ ક્ષેત્રની તેજીનો લાભ સોના ચાંદીના વ્યવસાયને મળી શકે છે.

આગામી સમયમાં 'બ્રાન્ડેડ જ્વેલરી'નું ચલણ વધે ત્યારે સ્થાનિક વેપારીઓને પણ મોટી કંપનીની માર્કેટીંગ ટેકનીક (જાહેરાત વિગેરે)નો લાભ મળશે. સોના ચાંદીના કારીગરો માટે જ્વેલરી ડિઝાઈનીંગ તથા હીરા ઉદ્યોગને સંલગ્ન ક્ષેત્રોમાં નવી તકો મળે તેમ છે. જરૂરિયાત છે તાલીમ મેળવવાની માનસિકતા કેળવવાની અને મહેનતની.

### ૪. THREAT (પડકારો) :

ભૂતકાળમાં ક્યારેય ન આવ્યા હોય તેવા પડકારો પરંપરાગત સોના ચાંદીના વાસણના કારીગરો માટે હાલમાં આવેલ છે. એક તરફ સોના ચાંદીમાં મોટા પ્રમાણમાં બંગાળી કારીગરો કબ્જો જમાવી રહેલ છે ત્યારે બીજી તરફ બહારના જથ્થાબંધ વેપારીઓ મોટા પ્રમાણમાં તૈયાર માલ સ્થાનિક બજારોમાં ઠાલવી રહ્યા છે. દેશી ઘાટને બદલે નાજુક વજનની ડિઝાઈનર જ્વેલરીનું ચલણ વધ્યું છે. સોના-ચાંદીમાં ભાવો વધતાં ઘરાકીમાં અસર થયેલ છે. જેના કારણે મોટાભાગના કારીગરોની હાલત સારી નથી. વર્ષોથી એક જ વ્યવસાયમાં રહ્યા બાદ હવે કારીગરો નવો ધંધો કરી શકે તેમ નથી. વાસણ ઉદ્યોગમાં તો નાના કારીગરો લગભગ ભૂંસાઈ ગયા છે. સોના ચાંદીનો વ્યવસાય મોટી મૂડીનો વેપાર છે. જો મૂડીના વ્યાજ સહિતના ખર્ચાઓ ગણવામાં આવે તો વેપારમાં વળતર દિન પ્રતિદિન ઘટી રહ્યું છે. આ ઉપરાંત હવે સોના ચાંદીના ધંધા માટે સલામતીનો પ્રશ્ન પણ ઊભો થયો છે.

આગામી સમયમાં એટલે કે વર્ષ ૨૦૦૮થી સોનાના તમામ ઘરેણાઓ પર હોલમાર્ક (Hallmark) ફરજીયાત થવાની સરકાર દ્વારા જાહેરાત થયેલ છે. હાલની પરિસ્થિતિમાં Hallmark અંગેની પ્રક્રિયા ખૂબ જટીલ છે. Hallmarkના Assay સેન્ટરો હજુ દરેક જીલ્લામાં નથી. તૈયાર દાગીના પર માર્ક લગાવવા બહારગામ મોકલવામાં સલામતીનો પ્રશ્ન પણ છે જ. આથી આગામી સમયમાં વ્યવસાયનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે ત્યારે તે માટે સજ્જ થવું એ સમાજ માટે સૌથી મોટો પડકાર છે.

# કોમ્પ્યુટરનો કક્કો – ૧૪


તુલસીદાસ એલ. કંસારા




અષાઢી બીજ-કચ્છી નવા વરસના આગમન સાથે આકાશ ક્યારેક ભૂરા તો ક્યારેક ઘેરા અને વળી ક્યારે કાળા ડિબાંગ વાદળોથી આચ્છાદિત દેખાય છે, ઘેરાયેલ દેખાય છે. તેમાંથી ક્યારેક ભયંકર ગર્જનાઓ અને વીજળીના ચમકાર સાથે પાણીના ધોધ છૂટે છે, તો ક્યારેક પાણીના જાણે ચૂવાક થાય છે, ક્યારે મચ્છરીયા તો ક્યારે શાંત વરસતું પાણી જાણે વરસોની પ્યાસ બૂઝાવી રહ્યું છે... ચારે તરફ ધરતી ને લીલૂડી કરવા મથતા આ વાદળો ક્યાંક નીચે તો ક્યાંક ઊંચી ઊંચાઇએ દેખાઇ રહ્યા હોય છે. કુદરતની આ સિસ્ટમમાં ક્યારેક કંજૂસાઇ જણાય ત્યારે આપણો પ્રદેશ, પાંજો કચ્છ, ત્રણેક વરસ સૂકો રહે છે, ક્યારેક વધારે પડતી ઉદારતા જણાય તો પાકો ધોવાઇ જાય છે, રસ્તાઓ અસ્ત-વ્યસ્ત-નસ્ત થઇ જાય છે અને છતે પાણીએ લીલો દુષ્કાળ આવી જાય છે, અને ક્યારે એ જ વર્ષામાં સમ-શાંત-સલૂકાઇ જણાય, તો ઇશ્વરના આશિર્વાદની જેમ વરસ સોળ આની થાય છે. વરસ ગમે તેવું જાય, પણ કચ્છની ઓપરેટીંગ સિસ્ટમની એ ખૂબી છે કે કોઇપણ સંજોગોમાં લોકો હસ્તા રહે છે, પોતાની દુનિયામાં. અને હવે આ પોતાની દુનિયાનો વ્યાપ વિસ્તરતો જાય છે, કારણ કે તમારી ઓપરેટીંગ સિસ્ટમને મળેલ છે સહારો, સપોર્ટ, મદદ ઇન્ટરનેટના સંપર્કનો, ઇન્ટરનેટના જોડાણોનો... તો ચાલો, ઇન્ટરનેટની મારફતે દુનિયા સર કરો...

- **સોફ્ટવેર-ઓપરેટીંગ સિસ્ટમ :**

કોમ્પ્યુટર ઉપર ચાલતો સૌથી વધારે ઉપયોગી પ્રોગ્રામ એટલે ઓપરેટીંગ સિસ્ટમ. કોઇપણ સામાન્ય વપરાશના કમ્પ્યુટરમાં




અન્ય પ્રોગ્રામો ચલાવવા માટે ઓપરેટીંગ સિસ્ટમ હોવી જરૂરી છે. આ સિસ્ટમ કીબોર્ડ મારફત દાખલ કરવામાં આવતા ઇન-પૂટને ઓળખવા, તેના આઉટપૂટને ડિસ્પ્લે સ્ક્રીન ઉપર દેખાડવા, હાર્ડ ડિસ્ક ઉપરની ફાઇલો અને ડિરેક્ટરીઓનો ટ્રેક રાખવો, તેમજ કમ્પ્યુટરના પરિધમાં આવતી ડિવાઇસો જેવીકે ડિસ્ક ડ્રાઇવ, પ્રિન્ટર્સ, વિગેરે ઉપર કંટ્રોલ રાખવા, ઇત્યાદિ પાયાના કામો કરે છે.

મોટી સિસ્ટમોમાં ઓપરેટીંગ સિસ્ટમ વધુ શક્તિશાળી હોય છે અને વધારે જવાબદારીઓ સંભાળતી હોય છે. ટ્રાફીક પોલીસની જેમ તે એક સમયે ચાલતા વિવિધ પ્રોગ્રામો અને અનેક વપરાશકર્તાઓને, એકબીજાને અંતરાય ન કરે તે રીતે વ્યવસ્થા સંભાળતી હોય છે. ઓપરેટીંગ સિસ્ટમ કમ્પ્યુટરની સીક્યોરીટી માટે પણ જવાબદારી સંભાળતી હોય છે જેથી માત્ર ઓથોરાઇઝ્ડ વપરાશકર્તાઓ જ સિસ્ટમનો ઉપયોગ કરી શકે.

*ઓપરેટીંગ સિસ્ટમોને નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવે છે.*

★ **મલ્ટી યુઝર :** એક કરતાં વધારે વપરાશકર્તાઓ એકજ સમયે ઉપયોગ કરી શકે તેવી સિસ્ટમ. કેટલીક સિસ્ટમો તો એકીસાથે સો થી હજાર કે તેનાથી પણ વધારે લોકોને એકજ સમયે વપરાશ કરવાની સગવડ ધરાવતી હોય છે.

★ **મલ્ટી પ્રોસેસીંગ :** એકજ સમયે એક કરતાં વધારે સી.પી.યુ. ઉપર પ્રોગ્રામ ચલાવી શકાય તેવી સિસ્ટમ.

★ **મલ્ટી ટાસ્કીંગ :** એક કરતાં વધારે પ્રોગ્રામો એકજ સાથે ચાલી શકે તેવી સિસ્ટમને મલ્ટી ટાસ્કીંગ કહેવાય છે.

★ **મલ્ટી થ્રેડીંગ :** એકજ પ્રોગ્રામના અલગ અલગ વિભાગો એકજ સમયે ચલાવી શકાય તેવી સિસ્ટમ એટલે મલ્ટી થ્રેડીંગ.


★ **રિયલ ટાઇમ :** ઇનપુટને તુરત જ, કોઇપણ સમય ગુમાવ્યા સિવાય રિસ્પોન્ડ કરે તેને રિયલ ટાઇમ કહેવાય છે. સામાન્ય કામકાજ માટેની સિસ્ટમો, જેવી કે ડૉસ, યુનીક્ષ, વગેરે રિયલ ટાઇમ સિસ્ટમો ન હતી.

કોઇપણ સોફ્ટવેર કે પ્રોગ્રામ જેના ઉપર કામ કરી શકે, ચાલી શકે તે પ્લેટફોર્મને ઓપરેટીંગ સિસ્ટમ કહેવાય છે. આમ ઓપરેટીંગ સિસ્ટમ સોફ્ટવેર માટે પ્લેટફોર્મ પૂરૂં પાડે છે, જેના ઉપર બીજા પ્રોગ્રામો ચલાવી શકાય છે, જેને એપ્લીકેશન પ્રોગ્રામ કહેવામાં આવે છે. એપ્લીકેશન પ્રોગ્રામ એવી રીતે લખાવા જોઇએ કે જેથી તે ચોક્કસ ઓપરેટીંગ સિસ્ટમ ઉપર ચાલી શકે. તેથીજ તમારી ઓપરેટીંગ સિસ્ટમની પસંદગી મોટે ભાગે તમે ક્યા એપ્લીકેશન ચલાવવા માંગો છો તેના દ્વારા નિર્ધારીત થતી હોય છે. દા.ત. તમારે એકાઉન્ટીંગની ટેલી એપ્લીકેશન ચલાવવી હોય તો વિન્ડોસ જોઇએ, પરંતુ જો તમે ઇન્ફીનીટ ઇન્ડિયાનું હિસાબ ચલાવવા માગતા હો તો તે એવી રીતે બનાવાયેલ છે કે તે વિન્ડોસ તેમજ લીનક્ષ બન્નેમાંથી કોઇપણ ઉપર ચાલી શકે છે. અત્યારે પર્સનલ કમ્પ્યુટરો માટેની ઓપરેટીંગ સિસ્ટમો ડોસ, ઓએસ-૨ અને વિન્ડોસ, વપરાશમાં છે, અને અન્ય સિસ્ટમ જે સુલભ છે અને નિઃશુલ્ક પણ છે તે છે લીનક્ષ.

વપરાશકર્તા તરીકે તમે સામાન્ય રીતે ઓપરેટીંગ સિસ્ટમ ચલાવવા માટે કમાન્ડના સેટનો ઉપયોગ કરતા હો છો. દા.ત. ડોસ સિસ્ટમ માટે કોપી અને રીનેઇમ કમાન્ડનો ઉપયોગ ફાઇલની કોપી કરવા માટે કે તેના

નામ બદલવા માટે અનુક્રમે થાય છે. આવા કમાન્ડનો સ્વિકાર અને અમલ ઓપરેટીંગ સિસ્ટમના ચોક્કસ વિભાગમાં પ્રોસેસ થતો હોય છે, જેને કમાન્ડ પ્રોસેસર અથવા કમાન્ડ લાઇન ઇન્ટરપ્રીન્ટર કહેવામાં આવે છે. જ્યારે ગ્રાફીક ઇન્ટરફેસમાં, તેના વપરાશકર્તાઓ તેમના કમાન્ડ માઉસ મારફતે એરો-કર્સરથી સામે દેખાતા સ્ક્રિન પર વિવિધ ટૂલ્સ કે ઓબ્જેક્ટ્સ ઉપર ક્લિક કરીને આપતા હોય છે.

- **કમ્પ્યુટરની દુનિયા કેટલી મોટી કે કેટલી નાની?**




તમે જ્યારે માત્ર કમ્પ્યુટર સાથે પનારો પાડો છો ત્યારે તે દુનિયા તેની હાર્ડ ડિસ્કમાં જ સમાયેલ હોય છે. મતલબ જે ડાટા કે પ્રોગ્રામો તેમાં હોય છે તેનો જ ઉપયોગ કરી શકો છો. તમે તેનાથી એક ડગલું આગળ વધીને જ્યારે સી.ડી., ડી.વી.ડી. કે પેન ડ્રાઇવનો ઉપયોગ કરો છો ત્યારે તેમાં સમાવિષ્ટ ડાટા કે પ્રોગ્રામનો ઉપયોગ પણ કરી શકો છો, જે તમારી દુનિયાને હાર્ડ ડિસ્કથી થોડી વધારે વિસ્તારે છે.

પરંતુ તમે જ્યારે ઇન્ટરનેટનું જોડાણ મેળવો છો, તમારા કમ્પ્યુટરને ઇન્ટરનેટથી જોડો છો ત્યારે તમે આખી દુનિયા સાથે જોડાઇ જાવ છો અને તમારા કમ્પ્યુટરની માહિતી મેળવવાની ક્ષમતામાં અકલ્પનિય વધારો થઇ જાય છે. અને આવા ઇન્ટરનેટના વપરાશકર્તા માટે એક શબ્દ કહો કે અંગ્રેજીમાં જેને સ્લેન્ગ કહે છે, આપણે તેને અપશબ્દ કહી શકીએ તે છે નેટીઝન. કોઇપણ દેશના નાગરીકને તે દેશના સીટીઝન કહેવાય છે. આ ગ્રીક ભાષામાંથી ઉતરી આવેલ શબ્દ, જ્યારે ત્યાં શહેર-દીઠ રાજ્ય હતા, અને તે શહેરીજનને સીટીઝન કહેવાતા, તેનો ખરેખરો અર્થ તો શહેરી જન કે નગરવાસી જ થાય, પરંતુ તે હવે નાગરીકતા સાથે જોડાઇ ગયેલ છે, તેવી રીતે આ નેટ ઉપર જ વધારે સમય પસાર કરતાં અથવા આ ઇન્ટરનેટનો ઉપયોગ કરનારાઓ માટે શબ્દ આવ્યો છે નેટીઝન. આ શબ્દ અંગ્રેજીમાં 'Internet'ના છેલ્લા ત્રણ અક્ષરો 'નેટ' અને સીટીઝન ના છેલ્લા બે અક્ષરો 'ઝન' ને જોડીને બનાવવામાં આવેલ છે. આવી વ્યક્તિઓને સાયબરસીટીઝન પણ કહેવામાં આવતા હોય છે. આવા નેટીઝનો આખી દુનિયામાં ફેલાયેલ છે, તેથી તેમને ગ્લોબલ વ્યક્તિઓ કે ગ્લોબલ સીટીઝન કે વર્લ્ડ સીટીઝન પણ કહેવામાં આવે છે. અને સામાન્ય વેપારીઓમાંથી જેઓ ઇન્ટરનેટ દ્વારા વ્યાપાર કરતા હોય છે તેવા લોકો, તેવા વેપારી નેટીઝનો, એક એવી ઇન્ટરનેટ કમ્યુનીટી, કે જેઓ આવીજ રીતે દુનિયાભરમાં ઇન્ટરનેટથી વ્યાપારના કામકાજ માટે સંકળાયેલ છે, તેવી વૈશ્વિક કમ્યુનીટીનો ભાગ બને છે, તેમની સાથે જોડાઇ જાય છે.

નેટીઝનો મુખ્યત્વે નીચેના માધ્યમોનો ઉપયોગ ઇન્ટરનેટ થકી કરતા હોય છે.

**ઇ-મેઇલ :**

કાગળ ઉપર લખવાને બદલે પત્રો ઇન્ટરનેટ મારફતે ઇ-મેઇલનો ઉપયોગ કરીને મોકલાવવા.

**ઓનલાઇન ચેટ - વાતચીત :**

ઇન્ટરનેટનો ઉપયોગ કરી એક-સામે-એક અથવા તો વધારેના ગ્રુપ સ્થાપિત કરીને કોઇપણ સામાન્ય-સર્વેને આવકાર્ય વિષય ઉપર વાતચીત કરવી કે ચર્ચા મંડળમાં સામેલ થવું.

**ઇન્સ્ટન્ટ મેસેજીંગ-ત્વરિત સંદેશાઓ મોકલવા :**

ઓનલાઇન ચેટથી અલગ, એવું સોફ્ટવેર કે જે વેબસાઇટના ઉપયોગ વિના, વર્તમાન સમયમાં તાત્કાલિક સંદેશાઓ મોકલવાની વ્યવસ્થા ધરાવે છે. દા.ત. તમારા મોબાઇલ ફોનમાં જે સોફ્ટવેર વાપરવામાં આવે છે તે, જેના થકી તમે એસ.એમ.એસ. અને એમ.એમ.એસ. મોકલાવો છો.

**ઇન્ટરનેટ ફોરા :**

એવી વેબસાઇટો કે જે તમને તેમણે નક્કી કરેલ વિષય કે વિષયો ઉપર ચર્ચા-વિચારણા માટે તક્ક આપે છે, તમારા વિચાર જણાવવા માટે આવકારે છે.

**ઓનલાઇન ગેઇમ્સ :**

એક સાથે એક કરતાં - બે કે વધારે રમી શકે, દા.ત. ચેસ-બે જણ રમી શકે, તીન પત્તી-વધારે લોકો રમી શકે, વિગેરે, તેવી ઇન્ટરનેટ ઉપર કમ્પ્યુટર મારફતે રમાતી રમતોને ઓનલાઇન ગેઇમ્સ કહેવાય છે.

**બ્લોગ :**

એક જાતનો લોગ, કે વ્યવસ્થિત તારીખ અને સમય પ્રમાણે લખાતો રેકોર્ડ કે ડાયરી, જેમાં લખનાર કોઇપણ તેને ગમતા વિષય ઉપર લખીને તેના પ્રતિભાવ જાણવા માંગતા હોય અથવા ચર્ચા આવકારતા હોય, અને તેમાં પ્રદર્શિત થતા લખાણો સાથે અનુસંધાન કરવા કે લખનાર સાથે સંપર્ક સ્થાપિત કરવા ઉપર તે બ્લોગન કર્તા, પ્રેરક કે યોજકનો સંપૂર્ણ અંકૂશ હોય તે.

**ફીડબેક કોમેન્ટ સિસ્ટમ :**

એક એવી કાર્યપદ્ધતિ, રચના કે તંત્ર જેનો ઉપયોગ ઇન્ટરનેટના વપરાશકર્તાઓ પોતાનો પ્રતિભાવ જણાવવા માટે કરી શકે છે. આનો ઉપયોગ ખાસ કરીને ન્યુઝ પ્રસારિત કરતી સાઇટ, બ્લોગ સાઇટો કે અન્ય અભિપ્રાયો જાણવા માટે બનાવવામાં આવતી સાઇટો કરતી હોય છે.

***(અનુસંધાન : જુઓ પાના નં.-૨૯ ઉપર)***

હંસરાજ કંસારા

## રૂદ્ર બુધ્ધભટ્ટી



આજે આપણે આપણા સમાજની યુવા પેઢીની કારકીર્દિ ક્ષેત્રે ઝળકતી પ્રગતિની વાત કરીએ.

આ યુવાન છે, રૂદ્ર બુદ્ધભટ્ટી. આપણા સમાજનો આ તેજસ્વી યુવાન હજી તો એની વીસીમાં જ છે, ત્યારે, છેલ્લા બે વર્ષથી મેકાફેરી એન્વાયરમેન્ટલ સોલ્યુશન્સ (પ્રા.લિ.) કંપનીમાં ડેપ્યુટી મેનેજરની મહત્ત્વની કામગીરી સંભાળે છે. એનાથી અગાઉ બે વર્ષ એણે વિશ્વ વિખ્યાત ઈંગ્લેન્ડની સ્કોટ વિલ્સન કંપનીની ભારતીય શાખામાં પીપાવાવ (જીલ્લો અમરેલી, ગુજરાત રાજ્ય) બંદર ખાતે સાઈટ એન્જીનીયરની જવાબદારી સંભાળી હતી. એનાથી પણ પહેલાં, ૨૦૦૩માં એમ.એસ. યુનિવર્સિટી વડોદરામાંથી ડિસ્ટીંક્શન સાથે જીઓ ટેકનોલોજી વિષય લઇ એન્જીનીયરિંગમાં માસ્ટર્સ ડિગ્રી મેળવી કે તરત જ વડોદરાની જીઓ ડાયનેમીક્સ કંપનીમાં પાંચ માસ માટે પ્રોજેક્ટ એન્જીનીયરનો અનુભવ પણ એણે મેળવ્યો છે.

આપણા સમાજના કેટલાક પરિવારો વંશપરંપરાગત રીતે ટેકનીકલ, ખાસ કરીને, સિવિલ અને મિકેનીકલ એન્જીનીયરીંગ વિશેષતઃ રોડ ટ્રાન્સપોર્ટ, બંદર-વિકાસ, પુલ બાંધકામ, વહાણ / લોંચ બાંધકામ જેવા વિશિષ્ટ ક્ષેત્રે ઉચ્ચત્તમ કુશળતા કેળવીને નામના મેળવી છે.

૧૯૦૫માં કચ્છમાં પ્રથમ રેલવ લાઈન પાથરનાર સ્વ. કેશવજી શામજી બુધ્ધભટ્ટી હતા. કચ્છ તેમજ કરાંચી બંદરે એમની એન્જીનીયરીંગ કુશળતા વિખ્યાત હતી. બીજા ખ્યાતનામ મિકેનીકલ એન્જીનીયર સ્વ. પદમશી બાપુભાઈ બુધ્ધભટ્ટી. તેઓશ્રી કચ્છના મહારાવશ્રી ખેંગારજી (ત્રીજા)ના સલાહકાર હતા. ઉપરાંત સ્વ. પ્રાગજી ધારશી બુદ્ધભટ્ટી કચ્છ રાજ્યના કુશળ સિવિલ એન્જીનીયર હતા. આઝાદી પછી કચ્છ ઉપરાંત સમસ્ત ગુજરાત રાજ્યના ડાયરેક્ટર ઓફ પોર્ટસનો ઉચ્ચ હોદ્દો મેળવનાર સ્વ. રતિલાલ કેશવજી બુધ્ધભટ્ટીનું નામ તો આપણી આજની પેઢી માટે પણ અજાણ્યું નથી જ.

આ ઈજનેર પરિવારોની ગત પેઢીનું એક સન્માનીય નામ, સ્વ. મોતીલાલ રણછોડ બુધ્ધભટ્ટીનું પણ છે. સ્વ. મોતીલાલભાઈ કચ્છ રાજ્યની ટંકશાળ, પબ્લિક ટ્રાન્સપોર્ટ સીસ્ટમ તેમજ માંડવી બંદરે વહાણ બાંધકામ ક્ષેત્રે લોન્ચ / બાર્જીસ બનાવવા જેવા મહત્ત્વના કાર્યો સાથે ટેકનીકલ નિષ્ણાત તરીકે સંકળાયેલ હતા.

આપણો આ યુવાન રૂદ્ર, સ્વ. મોતીલાલ બુધ્ધભટ્ટીનો પૌત્ર છે. રૂદ્રના પિતાશ્રી શિવલાલભાઈ પણ ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાથે સંકળાયેલા છે. ભુજમાં એમનો સૌથી જુનો ઓટો-સ્ટોર છે. જો કે તેઓશ્રી હવે લગભ નિવૃત્ત છે અને હાલે વડોદરામાં રહે છે. રૂદ્રનો જન્મ ભુજમાં ૨૭મી જુલાઈ, ૧૯૮૨ના રોજ થયો.

આમ જોઇએ તો રૂદ્રની એન્જીનીયરીંગ કુશળતા અને એને કારણે દેશ-વિદેશ પ્રવાસની તકો 'વારસાગત' છે.

રૂદ્રનો પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસ ભુજની સેંટ ઝેવિયર્સ સ્કુલમાં થયો. ત્યારબાદ એણે વલ્લભ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી સિવિલ એન્જીનીયરની ડિગ્રી - ડિસ્ટીંક્શન સાથે મેળવી. ત્યારબાદ વડોદરા એમ.એસ. યુનિવર્સિટીમાંથી જીઓ ટેકનોલોજીમાં સ્પેશિયલાઇઝેશન સાથે એમએસસી કર્યું.

રૂદ્રને પુસ્તકો, સામયિકોનું વાંચન, સંગીત ક્રિકેટ અને નવી નવી ભાષા શીખવાનો શોખ છે.

રૂદ્ર સ્વભાવે હસમુખો અને મળતાવડો અને 'પારિવારિક' ભાવના સભર છે.

રૂદ્રના માતુશ્રી મંજુબહેન અંગ્રેજી વિષય સાથે પોસ્ટ ગ્રેજ્યુએટ થયેલા છે અને એમણે થોડો સમય ભુજમાં અધ્યાપન કાર્ય કરેલું છે.

આપણા આ પ્રતિભાસંપન્ન 'રૂદ્ર'ને, એના જન્મ દિવસ ૨૭મી જુલાઈની વધાઈ સાથે એની કારકિર્દીમાં ઉત્તરોત્તર પ્રગતિ સાધે તેવી શુભેચ્છા.

જીવનની પ્રથમ પચ્ચીસીમાં જ જે યુવાન આટલી પ્રગતિ કરી શકે છે, એના વિકાસ માટે તો SKY IS THE ONLY LIMIT.

## કુ. શ્વેતા બગ્ગા

*– અતુલ સોની*



આ કિશોરી છે, કુ. શ્વેતા બગ્ગા. તેઓ કચ્છમાંના આવકવેરા અધિકારીશ્રી ભરતભાઈ સોનીના સુપુત્રી છે. કુ. શ્વેતાએ હાલમાં બેંક દ્વારા મેનેજરની પદવી ઉપર પ્રમોશન મેળવેલ છે. અને બેંક દ્વારા આયોજીત પેરીસ, ફ્રાંસ, બેલ્જીયમ તેમજ એમ્સ્ટરડેમનો વિદેશ પ્રવાસ પૂર્ણ કરી પરત આવેલ છે. કુ. શ્વેતાની કારકીર્દિ ક્ષેત્રે આ ઝળકતી સિદ્ધિ છે. એમનો સમગ્ર પરિવાર તેમની આ સિધ્ધિ બદલ તેમને હાર્દિક અભિનંદન પાઠવે છે અને ગૌરવની લાગણી અનુભવે છે. તેઓ સદાય આજ રીતે પ્રગતિ કરે એવી શુભેચ્છા.

આ પહેલા પણ તેઓશ્રી બેંક દ્વારા આયોજીત સીંગાપુર, ઈન્ડોનેશિયા તેમજ મલેશિયાનો વિદેશ પ્રવાસ કરી આવેલ છે. તેઓશ્રીએ બગ્ગા પરિવાર તેમજ સમાજનું ગૌરવ વધારેલ છે.

'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી કુ. શ્વેતાને હાર્દિક અભિનંદન.

# આપણું જ્ઞાતિ ગૌરવ – મિલાપ નરેન્દ્ર પરમાર

**ડૉ. મૃદુલા પરમાર - વડોદરા**

જામનગર સ્થિત કંસારા પરિવારમાં પરમાર કુટુંબના કુળદીપક, 'મિલાપ' નરેન્દ્ર ચુનીલાલના સૌથી નાના પુત્ર. ગુજરાત હાયર સેકન્ડરી બોર્ડની વિજ્ઞાન શાખાના પરિણામમાં (૨૦૧૦) માર્ચ, ગુજરાતમાં દ્વિતીય સ્થાન (૯૫%) સાથે પ્રાપ્ત કરી, આપણા સમાજને કેળવણી ક્ષેત્રે ગૌરવ અપાવ્યુ છે તે અભિનંદનીય છે જ. પરંતુ તેની સમગ્ર મહેનત બુધ્ધિ, ઉત્સાહ અને પ્રેરણા તેમના માતા-પિતા ઉપરાંત તેની ત્રણ મોટી બહેનો અને કુટુંબીજનોનો મમતા સભર સહયોગ અને માર્ગદર્શન પણ યશને પાત્ર છે.


પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયી શ્રી ગોવર્ધન નાથજીની અસીમ કૃપાથી મિલાપના માતા-પિતાને ત્રણ પુત્રીઓ છે. અનુક્રમે ચિ. અ.સૌ. રોહિણી ડોક્ટર છે, કુ. મનીષા રસાયણશાસ્ત્રમાં ડૉક્ટરેટ કરે છે, કુ. હેતલ પણ આયુર્વેદિક ડૉક્ટર છે. ચોથું સંતાન મિલાપ સૌથી નાનો અને સહુનો લાડકવાયો છે. મિલાપનો હસમુખો સ્વભાવ વારસાગત છે. નિર્વ્યસની નિસ્પૃહી અને નીર અભિમાની અને નિખાલસ છે. મિલાપની શિસ્ત અને અભ્યાસની ચીવટને લીધે એ એની શાળાના અધ્યાપકોનો પણ માનીતો વિદ્યાર્થી છે.

મિલાપે એનો અભ્યાસ ગુજરાતી માધ્યમમાં કર્યો છે. એનું તેમજ એના વડીલોનું માનવું છે કે માતૃભાષામાં શિક્ષણ વધુ સારી રીતે સમજી શકાય છે.

મિલાપના પિતાશ્રી નરેન્દ્રભાઈ હાલમાં રાષ્ટ્રીય બેંકમાં મેનેજર જેવા ઉચ્ચ પદે રહી સેવાઓ આપે છે. એમણે બહોળા કુટુંબની બધીજ જવાબદારીઓ નિભાવવા છતાં બાળકોને ઉચ્ચતમ કેળવણી મળે એ બાબતનું ખાસ ધ્યાન રાખ્યું હતું.

તેમની ત્રણે પુત્રીઓ શિક્ષણ અને સંસ્કારમાં પ્રતિભા સંપન્ન છે. સૌથી મોટી પુત્રી ડૉ. અ.સૌ. ચિ. રોહિણી, ભૌતિક શાસ્ત્ર (એમ.એસ.સી.) અને સંશોધન કરી પીએચડી છે (સૌ. યુનિ), જ્યારે ચિ.કુ.

## સમગ્ર ગુજરાતમાં બોર્ડની પરીક્ષામાં દ્વિતીય સ્થાન



ધો. ૧૨ સાયન્સની પરીક્ષામાં સમગ્ર રાજ્યમાં બોર્ડમાં રાજકોટના મિલાપ નરેન્દ્રભાઈ પરમારે બીજો નંબર પ્રાપ્ત કર્યો છે. એ-બી ગ્રુપના આ વિદ્યાર્થીને હવે મેડિકલ લાઇનમાં આગળ વધીને ન્યુરો સર્જન બનાવી ઈચ્છા છે.

જામનગર, જામજોધપુર, ભાટીયા, ભાવનગર, જૂનાગઢમાં પ્રાથમિક, માધ્યમિક અને હાઈસ્કૂલનું શિક્ષણ લીધા બાદ મિલાપે ધો. ૧૦ જામનગરમાંથી કર્યું હતું. ધો. ૧૦માં ૯૧.૯૩ ટકા મેળવ્યા હતા અને થોડા માર્ક માટે તે બોર્ડમાં આવતા રહી ગયો હતો. ત્યારબાદ ધો. ૧૧-૧૨ સાયન્સ રાજકોટની પી.વી. મોદી સ્કૂલમાંથી કર્યું. ૬૦૦માંથી ૫૭૦ માર્ક સાથે ૯૫ ટકા મેળવનાર મિલાપ ન્યુરો સર્જન બનવા પાછળનું કારણ જણાવતા કહે છે કે નાનો હતો ત્યારે વિચારતો હતો કે મગજ કઇ રીતે ક્રિએટીવ વર્ક કરે છે. જો આટલા નાના મગજથી આટલી પ્રગતિ સાધી શકાતી હોય તો તેના જ નિષ્ણાત બનવું જોઇએ. મિલાપે ઈંગ્લીશમાં ૮૭, ગણિતમાં ૯૫, કેમિસ્ટ્રીમાં ૯૮, ફિઝીક્સમાં ૯૬, બાયોલોજીમાં ૯૮ માર્ક મેળવ્યા હતા. ટ્યુશન ક્લાસના બદલે પાઠ્યપુસ્તક પર ધ્યાન રાખવામાં આવે તો સફળતા મળે છે, તેવું માનનાર આ વિદ્યાર્થી રોજ સવારે ૬ થી રાતના ૧૨ સુધી વાંચન અને લેખન કરતો હતો. વાંચન, મ્યુઝિક, ચેસ-કેરમનો શોખ હોવા છતાં બે વર્ષ દરમિયાન તેણે મનોરંજન માણ્યું નહોતું. માત્ર ભણવા પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. અભ્યાસ સિવાય તેણે ભાગ્યે જ અન્ય પ્રવૃત્તિમાં રસ લીધો હતો. આ ટોપર્સ ટીપ્સ આપતા જણાવે છે કે ક્લાસમાં ધ્યાન કેન્દ્રીત કરો, અભ્યાસક્રમનું રીવીઝન કરો અને ડે-ટુ-ડે વર્ક કરો તો સફળતા તમારા કદમ ચૂમશે. બીજો નંબર મેળવવા છતાં તેણે કબૂલ કર્યું કે ગણિતમાં તેને ભૂલ પડતી હતી. આ વિદ્યાર્થીને એ-બી ગ્રુપમાં ૯૫.૨૮ ટકા આવ્યા છે. જે સૌથી વધુ છે. મિલાપના પિતા જામનગર એસબીઆઈની દિગ્વિજય પ્લોટ બ્રાંચમાં આસિ. મેનેજર છે.

મનીષા રસાયણશાસ્ત્રમાં એમએસસી કરી પીએચડી કહી રહી છે. નાની દીકરી ડૉ. હેતલની બીએમએસ સુધીનો અભ્યાસ પૂરો કરી આયુર્વેદિક ચિકિત્સા ક્ષેત્રે વિશેષજ્ઞ થવાની ઈચ્છા છે. આમ ત્રણે પુત્રીઓને ઉચ્ચ શિક્ષણ અપાવી, શ્રી નરેન્દ્રભાઈએ એમના પિતાશ્રીનું સ્વપ્ન સાકાર કર્યું છે. જે આપણી જ્ઞાતિમાં ઉત્તમ ઉદાહરણ સ્વરૂપ છે. ચિ. મિલાપની માતા સૌ. નિર્મળાબેન ઉત્તમ ધાર્મિક નિષ્ઠાવાન અને કર્તવ્ય પરાયણ છે. પરિવારના પ્રત્યેક સભ્યની નાની-મોટી દરેક બાબતનું સદૈવ ધ્યાન રાખતા નિર્મળા બેન 'માતા'નું આદર્શ રૂપ છે.

મિલાપ તેના દાદા-દાદી (સ્વ. ચુનીલાલ / વિજયાબેન) નો પણ લાડકવાયો હતો જ. સ્વ. ચુનીલાલ કંસારા કામના કુશળ હતા. તદુપરાંત તેઓશ્રી જ્યોતિષ શાસ્ત્રના અભ્યાસી હતા. જેનો લાભ એ એમના વર્તુળમાં સર્વેને આપતા. સ્વ. ચુનીલાલભાઈ પણ એમના સંતાનો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી સમાજમાં માનભર્યું સ્થાન મેળવે તેવું ઇચ્છતા હતા અને તે મુજબ યથાશક્તિ યોગદાન આપ્યું હતું.


મિલાપે એનો પ્રાથમિક અને માધ્યમિક શાળા અભ્યાસ જામનગરમાં કર્યો. ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ એટલે કે ધો. ૧૧-૧૨ એણે રાજકોટમાં કર્યું. વડીલ બહેનો સાથે રહ્યો જ્યાં એને બહેનોનું ઉત્તમ માર્ગદર્શન અને સ્નેહ પ્રાપ્ત થયા. મા-બાપની છત્રછાયાથી દૂર જ્યાં ફક્ત એક નાની ઓરડી કે જ્યાં ભૌતિક સુખ સગવડ જેવી કે રેડિયો, ટીવી, રાઈટીંગ ટેબલ પણ ન હતા તેવા સંજોગોમાં સંયમ અને નિષ્ઠાથી, મિત્રોના સંગાથથી પોતાના લક્ષ્ય તરફ અગ્રેસર રહીને સમગ્ર ગુજરાતમાં દ્વિતીય સ્થાન મેળવવું તેના માટે સ્વપ્ન હતું તે સાકાર થયું.

ચિ. મિલાપને એની સફળતા બદલ સેતુના હાર્દિક અભિનંદન અને શિક્ષણ તેમજ કારકિર્દી ક્ષેત્રે ઝળકતી પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ.


# માધ્યમિક અને પ્રાથમિક શિક્ષણ (K.G. to Std.-9)


કુ. જેનીશા
કટ્ટા
રાયપુર
Nursery


કુ. તનીષા
જયેશકુમાર બુધ્ધભટ્ટી
ભુજ
Jr.K.G.


મિહિર
ધવલભાઈ સોની
અમદાવાદ
Sr. K.G.


વત્સલ સચીનભાઈ
બુધ્ધભટ્ટી
ભુજ
Std.-1 : 96%


હિમાંશુ
કૌશિકભાઈ કટ્ટા
રાયપુર
Std.-1 : 95.2%



મોહિત
પ્રકાશભાઈ પોમલ
અંજાર
Std.-1 : 94.89%


પાર્થ
આનંદ સોની
ભુજ
Std.-1 : 92.75%


ધ્રુવ
વિનોદભાઈ બીજલાણી
ભુજ
Std.-2 : 99.5%


વત્સલ
અશોક બુધ્ધભટ્ટી
ભુજ
Std.-2 : 99.20%


યશરાજ
કૌશિકભાઈ કટ્ટા
રાયપુર
Std.-2


મિલિંદ
જીજ્ઞેશકુમાર કંસાર
ભચાઉ
Std.-3 : 97.75%


માનવ
હર્ષિતભાઈ સોલંકી
વિથોણ
Std.-3 : 91.75%


મિરાજ
રાજેન્દ્ર સોલંકી
ભુજ
Std.-3 : 80%



માનવ
મહેશ સોની
ભુજ
Std.-3 : 79%


યશ
એ. બુધ્ધભટ્ટી
ભુજ
Std.-3 : "B" Gr.



પ્રતીક
કૌશિકકુમાર કટ્ટા
રાયપુર
Std.-4 : 94%


કુ. કુણાલી
પ્રકાશભાઈ પોમલ
અંજાર
Std.-4 : 92.15%


કુ. હીનલ
અશોક બુધ્ધભટ્ટી
ભુજ
Std.-5 : 95.75%


મંથન
વિનયભાઈ પોમલ
ભુજ
Std.-5 : 95%



વિશ્વ
હીરેન બુધ્ધભટ્ટી
ભુજ
Std.-5 : 92.16%


પાર્થ
ગંગારામભાઈ બુધ્ધભટ્ટી
નખત્રાણા
Std.-5 : 89.86%


કુ. હિનલ
પ્રકાશભાઈ પોમલ
અંજાર
Std.-6 : 92.86%


કુ. નિધિ
વિનોદભાઈ સોની
વિથોણ
Std.-6 : 90.80%


કુ. ક્રિષ્ણા
જયકુમાર છત્રાળા
અંજાર
Std.-6 : 87.55%


યશ
શરદકુમાર બારમેડા
ભુજ
Std.-7 : 90.3%


શિવાંગી
કિશોરભાઈ બુધ્ધભટ્ટી
અંજાર
Std.-7 : 86.75%



અંકિત
મહેશભાઈ બુધ્ધભટ્ટી
અંજાર
Std.-8 : 75.75%


કુ. કૈવલ્યા
જીતેશભાઈ કંસારા
ભચાઉ
Std.-9 : 84.20%


રીતેશ
કિશોરભાઈ બુધ્ધભટ્ટી
અંજાર
Std.-9 : 70.10%


જૈમીની દીપકકુમાર સોની
અંજાર
Std.-11 : 73.55%

## ઉચ્ચ શિક્ષણ



હિર (રાજ)
હિતેનભાઈ સોની
ભુજ
S.S.C. - 92%




પાર્થ વિનય પોમલ
ભુજ
S.S.C. - 90.92%
(શાળામાં પ્રથમ)



વ્યોમ (વરૂણ) સોની
અમદાવાદ
S.S.C. - 85%



કુ. કૃષ્ણા
મનોજભાઈ કટ્ટા
મુલુંડ (મુંબઈ)
H.S.C. - 94.5%



અમન પ્રશાંત
બીજલાણી - અમદાવાદ
H.S.C. - 86.71%
(ICSE - Delhi)



કોમલ
જયસુખલાલ ગોહિલ
મીરઝાપુર (ભુજ:
F.Y.B.Com. - 75.14%



કુ. જીનલ પ્રવીણભાઈ
સોલંકી - નાગલપુર
S.Y.B.Com.
(યુનિ.માં પ્રથમ)



નીલમ મહેશભાઈ સોની
મોથાળા
S.Y.B.Com. - 79.87%
(કોલેજમાં પ્રથમ તેમજ કચ્છ યુનિ.માં પાંચમા સ્થાને)



કુ. રીનુ જગદીશચંદ્ર
બુધ્ધભટ્ટી - રાજકોટ
B.E. Comp. Eng. 4th
Sem. with Distinction



કુ. દુલારી
જગદીશચંદ્ર બુધ્ધભટ્ટી
ડલ્લાસ યુનિ.માં
માસ્ટર્સ ડિગ્રી




## અભિનંદન

**અવની શરદચંદ્ર સોની** S.Y.B.A. (હોમ સાયન્સ)માં ૭૬.૮૬% સાથે સમગ્ર કચ્છ યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાને આવેલ છે. અગાઉ F.Y.B.A.માં પણ ચિ. અવની યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાને આવેલ.

ચિ. અવનીને જ્ઞાતિસેતુ પરિવારના હાર્દિક અભિનંદન.

***જ્ઞાતિસેતુના વહાલા વાંચકો,***

આપના બાળકોના પરિણામની વિગત મોકલાવતા સમયે ખાસ કાળજી લેશો કે ફોટાની પાછળ વિદ્યાર્થીનું નામ અને ધોરણ લખેલ હોય. અમોને માર્કશીટની નકલ મોકલવાની જરૂર નથી. માત્ર પત્ર દ્વારા વિદ્યાર્થીનું નામ, પિતાનું નામ, ધોરણ, મેળવેલ ટકા અને જો કોઈ વિશિષ્ટ સિધ્ધિ મેળવી હોય તો તે લખી જણાવશો.

જ્ઞાતિ સમાજના સર્વે વિદ્યાર્થીઓને અભિનંદન, શુભકામના.

*– મુખ્ય તંત્રી*



# Check-Mate (3)


'Tulsi' - Ahmedabad



Now we broadly know how important is the King and when it can or can't move. Before we understand the next piece, the most powerful piece on the board, the Queen, let us learn what is ***Rank*** and ***File*** in context with this game.

Further, according to feedbacks received and with a view to make series of these articles useful to more readers, we have thought of elaborating certain technical words, hence the Glossery of english words will be provided as and when required as part of the articles, along with meaning and explanation in Gujarati language that will help in understanding the game adequately.

**RANK & FILE :**



Initial position: first row: rook, knight, bishop, queen, king, bishop, knight, and rook; second row: pawns

**RANK :**

Rank means a row of the chess board. Specific ranks are referred to by number, first rank, second rank,... eight rank. Unlike the case with files, rank names are always given from the point of view of each individual player, with first rank being the home row of the king and other pieces.

White's first rank is Black's eight rank (row 1) and White's eight is Black's first (row 8), White's second rank is Black's seventh rank (row 2) and White's seventh is Black's second (row 7), and so on.

ચેસ બોર્ડ ઉપર ડાબેથી જમણે જે આઠ ચોરસ ખાનાઓની આડી લાઇન છે તેને 'રો' (row) કહેવામાં આવે છે. આવી આઠ લાઇનો હોય છે જે નંબર દ્વારા ઓળખાય છે એટલેકે દરેક લાઇનને એક 'રેંક' (rank) આપવામાં આવે છે. જેમકે પહેલી રેંક, બીજી રેંક... આઠમી રેંક. જ્યારે, ફાઇલ તરીકે ઓળખાતી ઊભી લાઇનથી વિપરીત રીતે રેંકના નામ હંમેશા દરેક રમનારના પોતાના છેડેથી અપાતા હોય છે. જેમકે જો તમે સફેદ રંગના મોહરાઓથી રમતા હોય તો, જે લાઇનમાં રાજા, રાણી વિગેરે મોહરાઓ ગોઠવવામાં આવેલ છે, તે તમારી પહેલી રેંક થઇ અને પ્યાદાવાળી બીજી રેંક થઇ. અને તે રીતે તમે ગણો એટલે ૩જી થી ૬ઠી રેંક ખાલી દેખાશે, જ્યારે ૭મી રેંક થઇ સામેવાળાના કાળા રંગના પ્યાદાની લાઇનવાળી અને આઠમી રેંક તેના રાજા કે કિંગ અને ક્વિનવાળી લાઇનની.

**FILE :**

A column of the Chessboard. A specific file can be named either using its position in algebraic notation, a-h, or by using its position in discriptive notation. For example, the f-file or the king bishop file comprises the squares f1-f8 or KB1-KB8.

ચેસ બોર્ડમાં ઉપરથી નીચે જે આઠ ચોરસ ખાનાઓની ઊભી લાઇન છે તેને 'ફાઇલ' (file) કહેવામાં આવે છે. આપણે તેને સ્તંભ અથવા કોલમ તરીકે પણ ઓળખીએ છીએ. આવી ચોક્કસ ફાઇલને પહેચાનવા માટે તેને બીજગણિતની સંજ્ઞાઓ અંગ્રેજી અક્ષર 'એ' થી 'એચ' (a-h) આપવામાં આવે છે, અથવા તેને વર્ણનાત્મક રીતે ઓળખવામાં આવે છે. દા.ત. (f-file) એફ ફાઇલ કે KB1-KB8 (કિંગ-બિશપ-૧ થી કિંગ-બિશપ-૮ ફાઇલ) માં એફ-૧ થી એફ-૮ સુધીના ચોકઠા આવી જાય છે.

**THE QUEEN :**



The queen is most powerful piece on the Board of Chess. Because of her movements she controls the highest number of squares coming in her way on all the directions. She can move in any one straight direction - forward, backward, sideways, or diagonally.

In beginning of the game, the position of the White queen on rank and file is always on "d" file and first rank. Or you can say that White Queen is always in White square beside the King and Black in Black square - rank 8.

Tip :- When you are starting the game, place the Board in such a way that to your right is always White Square, as you can see in the above picture.



**THE ROOK :**

The rook may move as far as it wants, but only forward, backward, and to the sides. The rooks

are particularly powerful pieces when they are protecting each other and working together!

When the Game begins, the position of the rooks on rank and file is always on “a” & “h” files and first & last (8th) ranks, (on all the four corners). In other words you can say that White rooks are always in the first rank on the extreeme corners. Likewise, Black rooks are in corners at the 8th raw on “a” & “h” files.

**THE BISHOP :**



The bishop may move as far as it wants, backward or forward, but only diagonally. Each bishop starts on one color (light or dark) and must always stay on that color. Bishops work well together because they cover up each other’s weaknesses.

At start of the game, the position of the bishops on rank and file is always on “c” & “f” files and first & last ranks.

**THE KNIGHT :**



Knights move in a very different way from the other pieces-going two squares in one direction, and then one more move at a 90 degree angle, just like the shape of an “L”. Knights are also the only pieces that can move over other pieces.

Before the game start, the knights are places on “b” and “g” files and in first and eigth ranks.

**THE PAWN :**



Pawns are unusual because they move and capture in different ways : they move forward, but capture diagonally. Pawns can only move forward one square at a time, except for their very first move where they can move forward two squares. Pawns can only capture one square diagonally in front of them. They can never move or capture backwards. If there is another piece directly in front of a pawn he cannot move past or capture that piece.

**PROMOTION :**

Pawns have another special ability and that is that if a pawn reaches to 8th rank, on other side of the board it can become any other chess piece (called promotion). A pawn may be promoted to any piece. (NOTE : A common misconception is that pawns may only be exchanged for a piece that has been captured. That is NOT true). A pawn is usually promoted to a queen. Only pawns may be promoted.

**EN PASSANT :**

The last rule about pawns is called “en passant,” which is French basically means “in passing” If a pawn moves out two sqaures on its first move, and by doing so lands to the side of a opponent’s pawn (effectively jumping past the other pawn’s ability to capture it), that other pawn has the option of capturing the first pawn has moved past, otherwise the option to capture it is no longer available.

Few important words worth understanding in the Game of Chess :

**ADVANCED PAWN :**

A pawn that is on the opponenet’s side of the board (the fifth rank or higher) is called An Advanced pawn. It may become weak if it is overextended, lacking support and difficult to defend, or strong if ot cramps the enemy by limiting mobility. An advancded passed pawn that threatens to promote can be espicially strong.

આગળ ધપી ગયેલ પ્યાદો એટલે તે પ્યાદો કે જે બોર્ડ ઉપર સામેવાળાની હદમાં પહોંચી ગયેલ છે (૫ (પાંચમી)મી રેંક કે તેનાથી આગળની કતારમાં આવી પહોંચેલ). આવો પ્યાદો જો કોઈપણ અન્ય મહોરાના ટેકા વગર આગળ જાય તો તે નબળો બને છે, તેને બચાવવો મુશ્કેલ થઈ પડે છે, પરંતુ તે જો અન્ય, એક કે વધારે મહોરાથી સુરક્ષિત હોય તો ખૂબજ મજબૂત બને છે અને દુશ્મનની ચાલને પાંગળી બનાવી દે છે. આવો આગળ ધપેલો પ્યાદો તેની રાણી કે અન્ય કોઈપણ મહોરૂં બનવાની ક્ષમતાને કારણે સામે રમનારના મનમાં ભય ફેલાવે છે.

**OVEREXTENDED :**

A position where a player has moved a piece or group of pieces (usually pawns) away from thearest in such a way that they are too difficult to defend.

ઓવર એક્ષ્ટેન્ડેડ પરિસ્થિતિ એક એવી સ્થિતિ છે કે રમનારે તેના પ્યાદા કે અન્ય મહોરાઓને કોઈપણ જાતના સપોર્ટ વગર, બચાવી ન શકાય તેટલી હદે, આગળ વધારી દીધેલ હોય છે.

**MOBILITY :**

The ability of a piece, or of a player's pieces collectively, to move around the board (In computer chess this is often measured by the number of legal moves available). Effectively means much the same as space.

બોર્ડ ઉપર ચેસ રમનારના મહોરાઓ કઇ કઇ જગ્યાએ જઇ શકે તેમ છે, ફરી શકે તેમ છે તેને મોબીલીટી કહેવાય છે. (તમે જો કમ્પ્યુટર સાથે ચેસ રમતા હો તો તમે કાયદેસર કેટ-કેટલી ચાલો ચાલી શકો તેની ગણતરી થતી હોય છે - તમને શક્યતાઓ પણ કદાચ દેખાડવામાં આવતી હોય છે). આને બીજા સંદર્ભમાં તમારી સ્પેસ કે તમારા માટેની શક્ય જગ્યાઓ કહેવામાં આવે છે.

**SPACE :**

The squares controlled by a player. A player controlling more sqaures than the other is said to have a spatial advantage. Effectively means much the same as mobility.

રમનાર કેટલા ચોરસ ખાનાઓ ઉપર પ્રભુત્વ ધરાવે છે તે તેની જગ્યાઓ કહેવાય. એક રમનાર સામેના કરતા વધારે ખાનાઓ ઉપર કાબૂ ધરાવતા હોય તો તેને વધારે જગ્યાઓ કે ખાનાઓ નો ફાયદો છે તેમ કહેવાય. જે ખરેખર ઉપર મુજબ તમારી ચાલો માટેની પસંદગીઓ દર્શાવે છે. જેમ પસંદગીઓ વધારે તેમ તમારી બાજી વધારે બળવાન.

**PASSED PAWN :**

Passed pawn with no opposing pawns to prevent it from advancing to the eighth rank. i.e. there are no opposing pawns in front of it on the same file nor on an adjacent file.

પાસ્ડ પાઉન એક એવો પ્યાદો છે કે જેને પોતાની ફાઇલ ઉપર કે તેની બાજુની ફાઇલ ઉપર, સામે રમનાર ના કોઇપણ વિરોધી પ્યાદા કે મોહરાનો ભય કે અવરોધ નડતો નથી અને તે રીતે તે આગળ ધપી અને આઠમી રેંક સુધી પહોંચવાની ક્ષમતા ધરાવે છે.

- **એક એસ.એમ.એસ.**

Who knows, the next Vishwanathan Anand (Grand Master) may be from our state !!!

Narendra Modi-Chief Minister, Gujarat.

## કોમ્પ્યુટરનો કક્કો

***(અનુસંધાન : પાના નં.-૨૨ ઉપરથી ચાલુ)***

**ફાઇલ શેરીંગ :**

આ એક એવી ટેકનોલોજી છે કે જે ઇન્ટરનેટ વાપરનારાઓને તેમના કોમ્પ્યુટરમાંની ફાઇલો અન્ય ઇન્ટરનેટ વાપરનારાઓ ને જોવાની - શેર કરવાની - સગવડ કરી આપે છે, અને સામે આવા ઇન્ટરનેટના વપરાશકર્તા સામેના કમ્પ્યુટરમાંની ફાઇલો ને પોતાના કમ્પ્યુટરમાં ડાઉનલોડ પણ કરી શકે છે. આને કારણે સોફ્ટવેર, મ્યુઝીક, વિગેરેનું ઝડપી વિતરણ થઇ શકે છે, જે કદાચ હંમેશા કાયદેસરનું ન પણ હોય.

**ગોફર (Gopher) :**

ઇન્ટરનેટ મારફતે વિતરીત દસ્તાવેજની શોધ કરીને તે પરત મેળવવા માટે ડિઝાઇન કરેલ એક નેટવર્ક પ્રોટોકલ. ગોફરનું લક્ષ્ય છે અજ્ઞાત એફ.ટી.પી. (ફાઇલ ટ્રાંસફર પ્રોટોકલ) માં વર્લ્ડ વાઇડ વેબ જેવીજ હાયપર લિંકીંગ લાક્ષણિકતાનો ઉમેરો કરીને, તેને વધારે ઉપયોગી રીતે કાર્યરત કરવાનું.

**વીકી** (Wiki) :

વેબ પેઇજીસનો એક એવી રીતે ડિઝાઇન કરેલો સંગ્રહ કે જેની સાથે કોઇપણ વ્યક્તિ સંપર્ક સ્થાપિત કરી ને તેના વિષય-વસ્તુમાં પોતાનું યોગદાન આપી શકે કે તેમાં સાદી ભાષામાં સુધારો સૂચવી શકે છે.

**હેલ્થ ફર્સ્ટ :**

***કોમ્પ્યુટરના જમાના પહેલાં-***

*એપ્લીકેશન (અરજી) નોકરી માટે હતી,*
*પ્રોગ્રામ એટલે એક ટી.વી.નો શો કહેવાતો,*
*કર્સર એટલે દેવ કે ધર્મની નિંદા કે દ્વેષ,*
*અપવિત્રપણું, ધર્મનો અનાદર, ભ્રષ્ટ*
*વ્યવહાર કે ભાષા*
*કીબોર્ડ એટલે પીયાનો,*
*મેમરી એ ઢળતી ઉંમરે ગુમાવવાની ચીજ*
*સી.ડી. એટલે બેંકનો કરન્ટ એકાઉન્ટ હતો*
*હાર્ડ ડ્રાઇવ એક લાંબી રસ્તા ઉપરની ટ્રીપ હતી અને*
*વેબ એટલે કરોળીયાનું જાળું હતું અને*
*વાયરસ એટલે ફ્લુ કે ઇન્ફ્લુએન્ઝા હતો.*

## નારીના અનેક રૂપ

***(અનુસંધાન : પાના નં.-૭ ઉપરથી ચાલુ)***


*પુત્ર કરતા અધિક પ્યારી, પુત્રવધુ મારી મીઠડી.*
*કુળ દિપક જન્મે એકવાર, દીકરી બબ્બે વાર.*
*દિકરો કદાચ હડસેલો મારે, દીકરી તારે કુળ બે વાર.*
*દીકરી મારો વહાલનો દરિયો, પતિ સંગાથે ગૃહલક્ષ્મીનો બીજો અવતાર*
*આંખે એના આંસુધારા, મા બાપ બને નોંધારા*
*સાસરે વાટે ચાલી બેની, મનના માણિગર સાથે બેની*
*પુત્રી મટી પુત્રવધૂ જન્મી, સાસરીયા માં બારણે જન્મી*
*કંકુ થાપે આંગણ જન્મી, પિયુના ઘુંઘટીયે જન્મી*
*મમતા ભુલાવી પ્રીત બંધાવી, પિયુ સંગે કેવી જોડી બનાવી.*
*દીકરી ગણી તને આવકારૂં, મારી ગૃહલક્ષ્મી તને સત્કારું.*
*સાસુજી મારે નથી થવું, માતા બનવાનું સ્વપ્ન મારૂં*
*મારા પરિવારનો પ્રાણ દીકરી, વંશવેલનું વહાણ દીકરી*
*વહુ નહિ મુજ વ્હાલી દીકરી,*
*પુત્ર કરતા વધુ પ્યારી મારી દીકરી કહું તને*
*પ્યારી.....*

શુભેચ્છા સહ

## સોની બાબુભાઈ લખમશી (મનફરાવાળા)

# સોની પરસોત્તમ લખમશીની કું.

**સોનાના દાગીના બનાવનાર તથા વેચનાર**



## સુરેશ એન્ડ કું.

**ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર**

ગંગા બજાર, અંજાર (કચ્છ) - ૩૭૦ ૧૧૦.

ફોન : (દુકાન) ૦૨૮૩૬-૨૪૩૩૪૨, (ઘર) ૨૪૨૩૩૯

## હરિ ઓમ જ્વેલર્સ

૧૨/બી, પ્લોટ નં.-૨૮૨, સોની બજાર, ગાંધીધામ. ફોન : ૦૨૮૩૬-૨૩૦૪૨૪

# શતરંજના ખેલ

હંસરાજ કંસારા - અમદાવાદ

***ગત અંકમાં આપણે જોયું.....***

*શતરંજના ખેલમાં રાજા એના તરૂણ નોકર 'હૂક્કાઈ'થી હારી ગયો. રાજાએ ખૂશ થઈ હૂક્કાઈએ જે માંગ્યું તે, ઈનામ આપવા દીવાનને હૂકમ કર્યો. એ હૂકમ મુજબ શતરંજના પ્રથમ ખાનામાં અનાજનો એક દાણો, બીજામાં બે અને એજ ક્રમે આગલા ખાનાથી બમણા દાણાના હિસાબે ૬૪મા ખાના સુધી જેટલા અનાજના દાણા થાય તેટલું અનાજ આપવાનું હતું. ચતુર દીવાન તરત જ સમજી ગયા કે, આખા રાજના બધા અન્ન ભંડારો પણ એ હૂકમનો અમલ કરવામાં ઓછા પડે..... હવે આગળ વાંચો...*

.....દીવાને રાજ-આજ્ઞાનો ખરીતો સંકેલ્યો. વેધક નજરે તરૂણ તરફ જોયું- અને કહ્યું,

"ઠીક છે, ત્યાં પેલે ખૂણે બેસ.... હું ભોજન કરી લઉં. ભંડારી હમણાંજ આવતા હશે. એ તને 'અન્ન ભંડાર'માં લઈ જશે. તારા હિસાબે જેટલું અનાજ થાય તે પ્રમાણે ભરાવી લેજે."

એમ કહી, દીવાન, ભોજન ખંડ તરફ જઈ , પાટલે બેઠા. તરૂણ દીવાનના હૂકમ મુજબ દીવાનખંડના એક ખૂણામાં જઈ બેઠો.

નોકરો એક પછી એક ભોજન, મીઠાઈઓ, ફળફળાદીના થાળ, દીવાન સમક્ષ રાખવા લાગ્યા. દીવાન-પત્ની રાબેતા મુજબ, દીવાનની બાજુમાં બાજોઠ પર બેસી, હળવે હાથે, દીવાનને વિંઝણો ઢોળવા લાગ્યા. વિંઝણાની ઘૂઘરીઓ અને દીવાન-પત્નીના નાજૂક કાંડે બંગડીઓ રણકવા લાગી. ભોજનની સુવાસ સાથે, સુખડની સુગંધ, દીવાનખંડ સુધી પ્રસરવા લાગી.

'રાયજી, પણે દીવાનખંડના ખૂણામાં બેઠેલો છોકરો કોણ છે?' દીવાન પત્નીએ દીવાનને પૂછ્યું.

'મહારાજનો ચાકર....' દીવાને કહ્યું.

'કોઈ કુળવાન પરિવારનો દેખાય છે. એને પણ ભોજન માટે બોલાવીએ તો?' દીવાન પત્નીએ પૂછ્યું.

'ભલે બેઠો ત્યાં! એ તો એવો હૂકમ લઈને આવ્યો છે કે, મારી ભૂખ પણ મરી ગઈ છે' એમ કહેતાં, દીવાને બરફીનો ટૂકડો મોમાં મૂક્યો.

'એવો તે કેવો હૂકમ છે..?'

'એ તને નહીં સમજાય...' એમ કહી દીવાનજી ભોજનમાં વ્યસ્ત થયા. દીવાન પત્નીએ તરૂણને બોલાવ્યો.

'બેટા, અહીં આવ. તું પણ ભોજન કર....' તરૂણ-ભોજન ખંડમાં આવ્યો. એણે દીવાન પત્નીને હાથ જોડી પ્રણામ કર્યા અને કહ્યું, 'આપની કૃપા, માતુશ્રી. હું ઘેરથી ભોજન કરીને જ આવ્યો છું.'

'તો ઠીક છે, આ ઠાકોરજીનો પ્રસાદ લે' એમ કહી દીવાન પત્નીએ મીઠાઈનાં થાળ તરફ અંગુલી નિર્દેશ કર્યો.

તરૂણે હાથ જોડી કહ્યું, 'માતુશ્રી આપનો કૃપા પ્રસાદ, આપને સ્વહસ્તે આપશો?'

'તારૂં નામ શું, બેટા?' દીવાન પત્નીએ તરૂણના હાથમાં મીઠાઈ મૂકતાં પૂછ્યું.

'અનંત.... પણ મને બધા 'સુકાળ' કહીને જ બોલાવે છે.'

'સુકાળ?'

'જી...' હું જન્મ્યો એ વર્ષે મારા ગામમાં દુકાળ નહોતો પડ્યો. એટલે બધા મને 'સુકાળ' કહે છે.

તરૂણની વાત સાંભળી, દીવાનનો હાથ ભોજનના થાળ પાસે જ થંભી ગયો. દીવાન પત્ની વિસ્ફારીત નયને તરૂણને જોઈ રહી.

અમને તો નથી સાંભરતું અહીં ક્યારેય દુકાળ પડ્યો હોય!' દીવાને કહ્યું.

'ના મહારાજ... અહીં નહીં. હું તો ભૂખી નદીની પેલી પાર આવેલા અમારા ગામ ભૂખડની વાત કરૂં છું.'

'હા...' દીવાને મનોમન વિચાર્યું.

એમના રાજનો એ દુકાળીયો પ્રદેશ, જ્યાંથી કોઈ આવક નહોતી એટલે, એ ઈલાકાની એમણે ક્યારેય ચિંતા નહોતી કરી.

'હાં... પણ છેક ત્યાંથી તું અહીં મહારાજાની તહેનાતમાં કઈ રીતે આવ્યો?'

'એ તો મહારાજ, અમારા ગામમાં દૂકાળ તો કાયમ હોય. એવા એક દુકાળના દી હતા. અમે ભૂખે મરતા હતા. એટલે બીજે ગામ જાતા'તા. રસ્તામાં લૂંટારા મારી બેન અને મા ને ઉપાડી ગયા. ભૂખે અધમૂવો મારો બાપ, મને, એક કસાઈને ત્યાં વહેંચી, ભાગી ગયો. મારો માલીક, મારી પાસે ખૂબ મજૂરી કરાવતો. ખાવાનું પણ માંડ દેતો અને ઉપરથી મારતો. એનાથી ત્રાસીને એક દિવસે હું ભાગ્યો.

દીવાન પત્નીની આંખે પાણી ભરાયાં. દીવાન એ તરૂણને તીખી નજરે જોઈ રહ્યા. તરૂણે એની વીતક આગળ કહી...'

એ કસાઈ મારી પાછળ પડ્યો હતો. એની નજર ચૂકાવવા એક ગામના ખેતરોમાં અનાજના ઢગલા પાછળ હું છુપાઈ ગયો.

તે દિવસે એ ગામમાં રાજાના અફસર ખેતરમાંથી પાકનો રાજ ભાગ લેવા આવ્યા હતા.

એક ખેતરમાં ખાટલા પર એ અફસર દીવાલને અઢેલીને બેઠા હતા. અનાજના ઢગલા પાછળથી મેં જોયું તો એક સાપ એમના પગ આગળ સરકતો હતો. હું એકદમ ત્યાં ધસી ગયો. અફસરને ધક્કો મારી એકતરફ કર્યા અને સાપને પૂંછડીએ પકડી દૂર ફેંક્યો. અફસરનો જીવ બચ્યો એટલે બધાએ મારા વખાણ કર્યા.

એ અફસરે મને મહારાજ પાસે નોકરી અપાવી. એ વાતને ચાર વરસ થઈ ગયા. એ અફસર તો ગુજરી ગયા પણ મહારાજ મારા પર મહેરબાન છે. મને કોઈ વાતનું દુઃખ નથી.

ચતુર દીવાનને તરૂણની તાકાતનો અહેસાસ થયો. તેઓ તરૂણને ખભે હાથ મૂકી, દીવાનખંડમાં આવી હીંચકે બેઠા. પાનનું બીડુ મોમાં મૂકતાં એમની સામે હાથ જોડી ઉભેલા તરૂણને નાણવા પૂછ્યું.

'મહારાજા પાસેથી તેં માંગ્યું છે એ તો ઘણું અનાજ થશે એનો એક એક દાણો તું કઈ રીતે ગણશે?'

'મહારાજ, એક અનાજની ગુણીમાં સો શેર અનાજ પડે છે એમાંના એક શેરમાં કેટલા દાણા છે, તે આપના ભંડારી ગણી લે. એ હિસાબે એક ગુણીના સો શેરની ગણત્રી કરી લેશું.'

દીવાનની શતરંજનું એક પ્યાદું, પાછું પડ્યું. આ તરૂણ સાથે શતરંજના ખેલ ખેલવો આસાન નથી તે એને સમજાઈ ગયું.

દીવાન તરૂણની 'માંગ' પૂરી ન કરવી પડે તે માટે બીજી ચાલ વિચારવા લાગ્યા.

દીવાન અને તરૂણ વચ્ચે ખેલાતી શતરંજમાં દીવાનની બીજી ચાલની રસપ્રદ વાત આવતા અંકે....

***(ક્રમશઃ)***


## OCT. 2009 – THE BAD DAY

I Said, “Grandpa let’s go biking”





Grandpa said, “OK, where shall we bike upto?”

I said, “Let’s bike up to my school”.




And we started... I said excitedly, “Grandpa look we are almost there!!”

“Hi! let’s play in the play ground together” I told to my friend.




“OK for a few minutes” Said my friend, who was there...




“Now want to have a race?” My friend asked.

“OK, where is the starting line and where is the finish line??” I asked.

As we were racing on the side walk, we bumped over tires together and I fell down on my bike, and I was bleeding badly.



I felt so sad.

It was a bad day...!

***Aaditya Kansara***
***(Age-7), Std.-II, Edison, NJ***

## પ્રભુકૃપા ક્વીઝ કોર્નર

*વાચક મિત્રો,*

ગત અંકમાં પૂછાયેલ પ્રશ્નોના સાચા જવાબ આ મુજબ છે

*(૧) વિશ્વનાથ આનંદ, (૨) પ્રણવ મુખરજી, (૩) શ્રીમતી કમલાજી.*

આ અંકના પ્રશ્નો નીચે મુજબ છે:

૧. ૨૦૧૦માં દિલ્હીમાં રમાનારી XIX કોમનવેલ્થ ગેઈમ્સનું ‘સ્લોગન’ શું છે?



૨. આ ગેઈમ્સ કયા માસમાં રમાશે? (એ) સપ્ટેમ્બર, (બી) ઓક્ટોબર, (સી) નવેમ્બર

૩. આ ગેઈમ્સમાં કેટલા રાષ્ટ્રો ભાગ લેશે? (એ) ૭૦, (બી) ૭૨, (સી) ૭૫

ઉપરોક્ત સવાલોના જવાબો, આપના પૂરા સરનામા સાથે ***તા. ૧૦-૮-૨૦૧૦ સુધી***માં જ્ઞાતિસેતુ કાર્યાલય પર મોકલાવી આપવા વિનંતી છે. સાચા જવાબ આપનાર ભાગ્યશાળી વિજેતાને **પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર** તરફથી રૂા. ૧૦૧/-નું ઈનામ મની ઓર્ડર દ્વારા મોકલાવી આપવામાં આવશે. ■

## મુક્તક

★ કલ્પનાતીત જગત ઊભુ કરી
શબ્દોનું સર્જન કરનારને લોકો કવિ કહે છે.
વાસ્તવિક જગત ઊભુ કરી
માનવોનું સર્જન કરનારને લોકો ખુદા કહે છે

★ જોઈ આ દુનિયાને વિચાર આવ્યો કે,
માનવો માટીના બનતા હશે
લાગણીના મિશ્રણથી પછી
દુનિયામાં સંબંધો બનતા હશે.

★ તડકો સહન કરે છે ‘વૈશાખ’ આખો
એમ જ કાંઈ શ્રાવણિયો વરસાદમાં ભીંજાઈ જતો નથી
કલમ ઉપાડી એકાદ બે લીટી આમ તેમ
લખવાથી કવિતાઓ લખાઈ જતી નથી
લાગણી, પ્રેમ, સ્નેહનો સરવાળો છે જિંદગી
માત્ર કેમ છો? કહેવાથી સંબંધો બંધાઈ જતા નથી

***જીનલ સોની ‘યાદ’ - નાગલપુર માંડવી (કચ્છ)***

## વતન જી યાધ

*(મન મોર બની થનગનાટ કરે... એ ઢાળ)*

**દુહો**

*જડેં અષાઢીઋત ઓડી અચે... તડેં ગજે ગજણ થીયે વિજ...*
*જિડાં-જિડાં હિકડો કચ્છી વસે... ઉડાં બારોં અષાઢી બીજ...*
*મન મોર ભનીને નાચ નચે, તડેં થિલમેં તાં ધમાસાણ મચે...*
*અખમેં તો ખુશીજા શ્રાણ અચેં, તડેં કચ્છડો બોરો યાધ અચે... (૩)*
*જડેં કારાયલ કેકાર કરે ને, કોયલડી કલશોર કરે...*
*જડેં કુંજલડી કુણકાર કરે, તડેં કચ્છડો બોરો યાધ અચે... (૩)*
*ખેડૂ-માલધારી મીઠા મોજું કંઇયે, જડેં નેસેંમેં જિજા નીર અચેં...*
*ગૌ-માવડિયું ત્યું મતારીયું ભનેં, તડેં કચ્છડો બોરો યાધ અચે... (૩)*
*જડેં મેડા મલાખડા લાટ ભનેં, તડેં માડુ જિજો ડાતાર ભને...*
*ભા-ભેણું નોરાતેં રાસ રમે, તડેં કચ્છડો બોરો યાધ અચે... (૩)*
*મન મારી મુલક કે યાધ કયું, તડેં થિલડે કે થિલધારી ડીયું...*
*મા આશાપુરા વટ આસા કઈયું, તડેં કચ્છડો બોરો યાધ અચે... (૩)*
*હુભ સેંજ મિણીકે હિલો-મિલોં, તડેં હિક-બેંજી ભૂલું માફ કઈયું...*
*મનઠાર જડેં મેડાવો કઈયું, 'દાસ' કચ્છડો બોરો યાધ અચે... (૩)*

***પી.જી. સોની 'દાસ' - ભુજ***

## કારેલા ઉત્તમ ઔષધ પણ છે.

***- શ્રીમતી રમણતારા કે. વ્યાસ***

ચોમાસાની ઋતુ શરૂ થાય અને બચપણમાં ગાયેલું ગીત યાદ અનાયાસે યાદ આવી જાય, 'આવ રે વરસાદ... ઘેવરીયો પરસાદ.... ઉની ઉની રોટલીને કારેલાનું શાક.'

કારેલા માત્ર અત્યંત ગુણકારી ગણાવી શકાય. તેમાં આર્યન, વિટામીન સી, કેલ્શિયમ, પોટેશીયમ તથા બીટા કેરોટિન જેવા તત્વ ઉપરાંત ઘણા ખનીજ ક્ષારો તથા વિટામીન 'એ' અને 'સી' સમાયેલા હોય છે. 'પહેલું સુખ નિરોગી કાયા' એવી કહેવત છે. નિરોગી કાયા માટે કારેલાનું સેવન પરમ હિતકારી ગણાયું છે.

આયુર્વેદના મત મુજબ અન્ય રસોની જેમ જ કડવા રસનું સેવન ઉત્તમ સ્વાસ્થ્ય જાળવી રાખવા માટે જરૂરી છે. વળી, કડવા રસ ધરાવતા શાકભાજી મુખ્યત્વે વાયુવર્ધક હોય છે. પરંતુ કારેલા વાયુ કરતા નથી. તે પ્રકૃતિ ગરમ નહિં પરંતુ ઠંડા છે. તે મળને સાફ લાવે છે અને પચવામાં હલકા મનાય છે.

અરૂચી મટાડી પિત્ત અને કફનું શમન કરનારા કારેલા લોહીનો વિકાર, ચામડીના રોગો, ડાયાબિટીસ, પેટના રોગો, અપચો, કબજીયાત, પેટના કૃમિ, ખાંસી વગેરેની સમસ્યામાં રાહત પહોંચાડે છે.

કારેલાના ટુકડાને છાંયામાં સુકવી, પીસી, તેનું ચૂર્ણ બનાવી વસ્ત્રગાળ કરી એક બોટલમાં ભરી લેવું. તેનું દરરોજ છ ગ્રામ પાણી સાથે સેવન કરવાથી ડાયાબિટીસમાં લાભ થાય છે.

ઉપયોગમાં લેવા માટે મોટા કારેલા કરતાં કદમાં નાના હોય તેવા કારેલાનું સેવન કરવાથી તેનો ભરપૂર લાભ મેળવી શકાય છે. કારેલાનું મહત્વ સમજી તેનું સમય અનુસાર અવશ્ય સેવન કરવું જોઇએ.

## વાર્તા

ભગવાને આ સ્થાવર જંગમ સૃષ્ટીની રચના કર્યા બાદ ઘણા વર્ષો વિતી ગયા. ત્યારે ભગવાનને થયું કે, લાવ જોઈએ, કે આ પૃથ્વી પર બધા પ્રાણીઓ સુખી તો છે ને? એમ વિચારી ભગવાન પૃથ્વી પર વિચરવા લાગ્યા.

સૌપ્રથમ ભગવાનને કાચબો મળ્યો. ભગવાને કાચબાને પૂછ્યું કે તને અહિં સુખ તો છે ને? ત્યારે કાચબાએ કહ્યું કે હે ભગવાન! હું અહિં ખુબ ખુશ છું પણ મારા આયુષ્યમાં થોડો વધારો થાય તો સારું. ભગવાન 'તથાસ્તુ' કહી આગળ વધ્યા. પછી ભગવાનને સામેથી એક કૂતરો મળ્યો. ત્યારે તેની સુખાકારી અંગે ભગવાને પૂછ્યું તો કૂતરાએ પણ પોતાના આયુષ્યમાં વધારો કરવા કહ્યું. ભગવાને તેને પણ આયુષ્ય વધારી આપ્યું. તેથી તે ખુશ થયો.

હવે આગળ વધતા ભગવાનની મુલાકાત માણસ સાથે થઇ. ત્યારે ભગવાને મનુષ્યના ખબર અંતર પૂછ્યા તથા આયુષ્ય વધારવા અંગે કહ્યું તો માણસ બોલ્યો કે હે ભગવાન! મારે આયુષ્યમાં વધારો નહિ પણ મારે તો બુદ્ધિ જોઇએ. તેથી ભગવાને માણસને બુદ્ધિ આપી. તથા પોતાના ધામ પાછા ફર્યા.

હવે ઘણા વર્ષો વિતી ગયા. ત્યારે ભગવાન ફરી પાછા પૃથ્વીનું અવલોકન કરવા અહિં આવ્યા. ત્યારે ક્રમશઃ ભગવાન તે બધા પ્રાણીઓને મળ્યા તથા તેઓ બધા ખુબ ખુબ ખુશ હતા. હવે ભગવાનને માણસના ખબર અંતર પૂછવાનું મન થયું. તેથી તેઓ એક હોલમાં મીટીંગ ચાલુ હતી ત્યારે અંદર આવીને પૂછવા લાગ્યા. તેથી માણસે ભગવાનને 'Appointment' લઇને આવવાનું કહ્યું. ભગવાન નારાજ થઇને બહાર દોડી ગયા. પેલા બુદ્ધિમાન મનુષ્યને ભાન થયું કે પોતે આ ખોટું કર્યું છે, તેથી તે ભગવાન પાછળ દોડવા લાગ્યો. કારણકે હવે ભગવાનને માણસમાં બુદ્ધિ આપવાની ભૂલ સમજાઇ ગઇ હતી.

દોડતા દોડતા ભગવાન કેદારનાથ પહોંચ્યા તો માણસે ત્યાં શિવલીંગ બનાવ્યું. પછી તે દોડતા દોડતા 'સોમનાથ' પહોંચ્યા તો ત્યાં પણ માણસે શિવલીંગની સ્થાપના કરી. હવે ભગવાનને થયું કે આ માણસ મારો પીછો નહિં મૂકે. તેથી ભગવાન માણસના હૃદયમાં સમાઇ ગયા.

આજે માણસ ભગવાનને શોધવા અનેક તીર્થોમાં દોડે છે પણ ભગવાન તો દરેક માણસના હૃદયમાં વસે છે. તેથી દરેક મનુષ્યમાં હંમેશા ભગવાનના દર્શન કરવા જોઇએ. તથા એકબીજાની લાગણીઓને જો આપણે દુભાવશું તો અંદર જયાં રામ વસે છે તેને પણ આઘાત લાગશે. તેથી હંમેશા દરેક વ્યક્તિમાં રામના દર્શન કરવા જોઇએ તથા ભગવાનને બહાર શોધવા કરતાં હંમેશા દરેક વ્યક્તિમાં ભગવાનને નિહાળી સૌ સાથે સદભાવ રાખી પ્રેમ તથા સંપથી જીવન જીવવું જોઇએ તથા ભગવાને આપેલું આ અનમોલ મનુષ્ય જીવન પ્રેમથી સુંદર તથા સુવાસમય બનાવી, સારા કર્મો થકી આ જીવન ભગવાનને સમર્પિત કરી સરળ જીવન જીવવાની શીખ આ વાર્તા આપી જાય છે.

***સંકલન : લાયચા ડિમ્પલ જે. સોની***
***કોટડા (જ.), નખત્રાણા***

# અક્ષર નિવાસી



## સ્વ. મગનલાલ વેલજી ચનાણી

**સ્વ. તા. ૨૮-૫-૨૦૧૦**

ભીંજાય હૈયા અને નેત્રો અશ્રુભીના થયા, અમર સ્વજન ચાલ્યા ગયા, અમે નોંધારા થયા.
મનડું માનતું નથી છતાં ઈશ્વરની કળા સ્વીકારવી પડે છે
આપ અક્ષર નિવાસે સીધાવતા અમારા આત્મા રડે છે
આપનો મિલનસાર સ્વભાવ, પરોપકારી પ્રવૃત્તિ સદાય અમર રહે અને અમારા જીવનપથ પર
સંદેશાત્મક બને એ જ શ્રદ્ધાંજલિ

**જટુભાઈ વેલજી ચનાણી**

**કિશોરભાઈ જટુભાઈ**
**ચંદ્રકાંત જટુભાઈ**
**હર્ષદ જટુભાઈ**
**કનુભાઈ કેશવજી પોમલ**
**દીપક જયંતીલાલ સોની**

**વિનોદ મગનલાલ**
**પ્રદીપ મગનલાલ**
**અનિલ મગનલાલ**
**મુંજાલ તુલસીદાસ કંસારા**
**વિક્રમ તુલસીદાસ કંસારા**

**રમાબેન, નયના, જયશ્રી, ભાવના, જીજ્ઞા, માલતી, ઉર્વિ, અલ્પા,**
**અનિતા, નીપા, નિમેષ, આનંદ, વત્સલ, નિપુણ, ભાવિક, ધનરાજ**

**સોની વેલજી આણંદજી ચનાણી સહ પરિવાર**